

# પ્રાચીન સ્તવનાવલી

## ૨૪

## શ્રી મહાવીર સ્વામી





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૨૪

## શ્રી મહાવીરસ્વામી ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**


શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ-૩૮૦૦૦૯

પ્રત : ૧૦૦૦ મુલ્ય : શ્રદ્ધા ભક્તિ

# કિંચિદ્ કથન

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા સાથે એકાકાર થવાનું અમોઘ સાધન છે... માણસ એકલો એકલો બોલે તો કોઈક ગાંડો ગણે પણ જો એકલો એકલો ગાતો હોય તો મસ્તીમાં મસ્ત કહેવાય... શાસ્ત્રીય રાગ અને પ્રાચીનકૃતિઓ બે વસ્તુનો મેળાપ ભક્તને પરમાત્મભક્તિમાં રસતરબોળ કરી દે છે... "ભક્તિરસઝરણા" પુસ્તકમાંથી જુદા જુદા પૂર્વ પૂજ્યોના સ્તવનોનો સંગ્રહ શ્રી સંઘના સદુપયોગ અર્થે, પરમાત્મભક્તિ માટે પ્રકાશિત કરતાં અનેરો આનંદ અનુભવું છું આ નિમિત્તે પરમાત્મા મારા હૃદયમાં વસે અને પરભવમાં મને વહેલા મળે...

પં.નંદીભૂષણવિજયજી મ.

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| ઉર્દ્ધ લોક દશમા થકી | શ્રી વીરવિજયજી | ૧ |
| સિધ્ધારથ સુત વંદીએ | શ્રી પદ્મવિજયજી | ૧ |
| સુદિ આષાઢિ છઠ દિવસે | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| દીન દુ:ખીયાનો તું છે બેલી | શ્રી જ્ઞાનવિમલજી | ૩ |
| વીર વહેલાં આવો રે | શ્રી વીરવિજયજી | ૪ |
| સિધ્ધારથના રે નંદન વિનવું | શ્રી વિનયવિજયજી | ૫ |
| ગિરૂઆ રે ગુણ તુમ-તણા | શ્રી યશોવિજયજી | ૬ |
| મહાવીર સ્વામી રે વિનંતી સાંભળો | શ્રી ઉદયરત્નવિજયજી | ૭ |
| વીરજી સુણો એક વિનંતી મોરી | શ્રી જ્ઞાનવિજયજી | ૮ |
| ચઉમાસી પારણું આવે | શ્રી શુભવીરવિજયજી | ૯ |
| વીરજીને ચરણે લાગું | શ્રી આનંદઘનજી | ૧૦ |
| દુ:ખ ટળિયાં મુખ દીઠે | શ્રી યશોવિજયજી | ૧૧ |
| આજ જિનરાજ મુજ કાજ સીધાં | શ્રી યશોવિજયજી | ૧૨ |
| પરમેશ્વર પદ જેહને છાજે | શ્રી ભાણવિજયજી | ૧૩ |
| તું મન માન્યો રે વીરજી | શ્રી આણંદવર્ધનજી | ૧૪ |
| ત્રિશલાનંદન ચંદન શીતલ | શ્રી લક્ષ્મીવિમલજી | ૧૫ |
| શાસન-નાયક સાહિબ સાચો | શ્રી માનવિજયજી | ૧૬ |
| વર્ધમાન-જિનવરને ધ્યાને | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૧૭ |
| વર્ધમાન પ્રભુ વંદીયે | શ્રી ભાવવિજયજી | ૧૮ |

| સ્તવન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| મન માન્યો મહાવીર | શ્રી હરખચંદજી | ૧૯ |
| સુગુણ ! સ-સનેહા ! વીરજી | શ્રી નયવિજયજી | ૧૯ |
| સિદ્ધિ શિરોમણિ સુરતિ સુંદર | શ્રી ઋષભસાગરજી | ૨૦ |
| આવ ! આવ રે ! માહરા મનડા | શ્રી ઉદયરત્નજી | ૨૧ |
| વંદો વીરજિનેશ્વર-રાયા | શ્રી જિનવિજયજી | ૨૩ |
| વીર-જિણંદ જગત ઉપગારી | શ્રી જિનવિજયજી | ૨૪ |
| સકળ ફળ્યા સહી માહરાજી | શ્રી હંસરત્નજી | ૨૫ |
| દુર્લભ ભવ લહી દોહલો રે | શ્રી મોહનવિજયજી | ૨૬ |
| આજ સફળ દિન માહરોએ | શ્રી રામવિજયજી | ૨૭ |
| ચરણ નમી જિનરાજના રે | શ્રી રામવિજયજી | ૨૮ |
| વીરજી ! ઉભો મદ મોડી | શ્રી કાંતિવિજયજી | ૨૯ |
| નિરખી નિરખી સાહિબકી | શ્રી ન્યાયસાગરજી | ૩૦ |
| વંદું વીર જિનેસરરાયા | શ્રી ન્યાયસાગરજી | ૩૧ |
| ચરમ જિણંદ ચોવીશમો | શ્રી પદ્મવિજયજી | ૩૧ |
| વીર-જિણેસર પ્રણમું પાયા | શ્રી પદ્મવિજયજી | ૩૨ |
| આજ મ્હારા પ્રભુજી ! સાહમું | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૩૩ |
| વીર જિણેસર વંદીએ | શ્રી કીર્તિવિમલજી | ૩૪ |
| સમવસરણ શ્રી વીર બિરાજે | શ્રી દાનવિમલજી | ૩૫ |
| આજ મારે સુરતરૂ ફળિયો સાર | શ્રી વિનીતવિજયજી | ૩૬ |
| શાસનનાયકસો અબ મેરી | શ્રી અમૃતવિજયજી | ૩૭ |
| મુજરો લ્યોજી સિદ્ધારથ દારક | શ્રી પ્રમોદસાગરજી | ૩૮ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી વીરજિન કેવળ નાણી | શ્રી ભાણચંદ્રજી | ૩૯ |
| જિન માહરા રે ! શ્રી મહાવીરજી રે | શ્રી ખુશાલમુનિજી | ૪૦ |
| શાસનપતિને વંદના, હોજયો | શ્રી ચતુરવિજયજી | ૪૧ |
| તાર હો તાર પ્રભુ ! મુજ સેવક | શ્રી દેવચંદ્રજી | ૪૨ |
| વધતી વેલી મહાવીરથી | શ્રી જીવણવિજયજી | ૪૩ |
| ગાયા ગાયા રે | શ્રી જીવણવિજયજી | ૪૪ |
| શાસન-નાયક સુંદરુ રે | શ્રી દાનવિજયજી | ૪૫ |
| કોડી-ગમે ગુન્હા કર્યાજી | શ્રી મેઘવિજયજી | ૪૬ |
| વીર-જિનેસર ! સુણ મુજ સ્વામી | શ્રી કેશરવિમલજી | ૪૭ |
| ગોયમ કહઇ સુણો વીરજી રે | શ્રી કનકવિજયજી | ૪૮ |
| સિદ્ધારથ-કુલ કમલ-દિણયર | શ્રી રૂચિરવિમલજી | ૪૯ |
| મહાવીર જિનરાજજી ! પ્રભુ | શ્રી ભાવપ્રભસૂરિ | ૫૦ |
| ગાયો ગાયો રે મેં ત્રિશલા-નંદન | શ્રી કીર્તિવિમલજી | ૫૧ |
| ચોવીશમો શ્રી મહાવીર સાહિબ | શ્રી રતનવિજયજી | ૫૨ |
| ચોવીસ–જિનેસર ભુવન-દિનેસર | | ૫૩ |
| પ્રભુ મારા પરમ-કૃપાલ | શ્રી માણેકમુનિ | ૫૫ |
| ત્રિશલા-નંદન વંદિયે રે | શ્રી દીપવિજયજી | ૫૬ |
| મહાવીરુ જિણવર ચઉવીસમઉજી | શ્રી ધર્મકીર્તિગણિ | ૫૭ |
| ઇમ સુખકારી વિઘન વારી | | ૫૮ |
| હું તુમ પૂછું રે પરમગુરૂ | શ્રી સ્વરૂપચંદજી | ૫૯ |
| વીર વડ-ધીર મહાવીર મોટો પ્રભુ | શ્રી જશવિજયજી | ૬૦ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| જિન ભગતિ જાણી ગુણખાણી | | ૬૧ |
| વંદો વીર-જિનેસર-રાયા | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૬૨ |
| મનમેં નિરમલ ભાવ ગહી | શ્રી ગુણવિલાસજી | ૬૩ |
| હાં રે વાલો ! વીર-જિણેસર | શ્રી જગજીવનજી | ૬૩ |
| મેં જાણ્યું નહિ ભવ-દુઃખ | શ્રી જિનહર્ષજી | ૬૪ |
| સાહિબ ધ્યાયા મનમોહના | શ્રી યશોવિજયજી | ૬૫ |
| ના રે પ્રભુ ! નહીં માનું | શ્રી રામવિજયજી | ૬૬ |
| જગપતિ ! તું તો દેવાધિદેવ | શ્રી ઉદયમુનિ | ૬૭ |
| સિદ્ધારથ રાયકુલ તિલોએ | શ્રી વિનયવિજયજી | ૬૮ |
| વીર જિનેસર સુણ મુજ સ્વામી | શ્રી કેસરવિજયજી | ૬૯ |
| રૂડી ને રઢિયાલી રે | શ્રી પદ્મવિજયજી | ૭૦ |
| ચરમ-જિણેસર વિગત | શ્રી આનંદઘનજી | ૭૧ |
| કરુણા-કલ્પલતા શ્રી મહાવીરની રે | શ્રી જ્ઞાનવિમલજી | ૭૨ |
| શ્રી વર્ધમાન જિનરાજીઆ રે | શ્રી યશોવિજયજી | ૭૪ |
| સમરીય સરસતી વરસતી | શ્રી યશોવિજયજી | ૭૬ |
| સુણ સુગુણ સનેહી રે સાહિબા | શ્રી યશોવિજયજી | ૭૯ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| જય જય ભવિ હિતકર | | ૮૧ |
| વીરં દેવં નિત્યં વંદે | | ૮૧ |
| મહાવીર જિણંદા, રાય | શ્રી પદ્મવિજયજી | ૮૨ |
| વીર જગતપતિ જન્મજ થાવે | શ્રી વીરવિજયજી | ૮૩ |

# ચૈત્યવંદન વિધિ

## (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

## ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

## ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

## ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

**● નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ●**

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

**● જય વીયરાય સૂત્ર ●**

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી મહાવીરસ્વામી ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

ઉર્ધ્વલોક દશમા થકી, કુંડપુરે મંડાણ;
વૃષભયોનિ ચોવીસમા, વર્ધમાન જિનભાણ ॥૧॥

ઉત્તરા ફાલ્ગુની ઉપન્યા, માનવગણ સુખદાય ।
કન્યારાશિ છદ્મસ્થમાં, બાર વરસ વહિ જાય ॥૨॥

સાલ વિશાલ તરૂ તળેએ, કેવલનિધિ પ્રગટાય ।
વીર બિરૂદ ધરવા ભણી, એકાકી શિવ જાય ॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

સિધ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો ॥
ક્ષત્રિય કુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ॥૧॥

મૃગપતિ[૧] લંછન પાઉલે, સાત હાથની કાયા ।
બહોતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા ॥૨॥

ખિમાવિજય જિનરાયનાએ, ઉત્તમ ગુણ અવદાત ।
સાત બોલથી વર્ણવ્યા, **પદ્મવિજય** વિખ્યાત ॥૩॥

---

૧. સિંહ

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

સુદિ આષાઢિ છઠ દિવસે, પ્રાણતથી ચવિયા ॥
તેરશ ચૈત્રહ શુદિ દિને, ત્રિશલાએ જણિયા ॥૧॥

માગશર વદિ દશમી દિને, આપ સંયમ આરાધે ।
સુદિ દશમી વૈશાખની, વર કેવલ સાધે ॥૨॥

કાર્તીકીસણ અમાવશીએ, શિવ ગતિ કરે ઉદ્યોત ।
જ્ઞાનવિમલ ગૌતમ લહે, પર્વ દીપોત્સવ હોત ॥૩॥

# શ્રી મહાવીરસ્વામી ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી મ.

### (દીન દુઃખીયાનો તું છે બેલી)

દીન દુઃખીયાનો તું છે બેલી, તું છે તારણહાર
...તારા મહિમાનો નહીં પાર (૨)
રાજપાટને વૈભવ છોડી, છોડી દીધો સંસાર,
...તારા મહિમાનો નહીં પાર (૨) ....૧

ચંડકોશીયો ડસીયો જયારે, દૂધની ધારા પગથી નીકળે,
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશીયો આવ્યો શરણે,
ચંડકોશીયાને તેં તારી, કીધો ઘણો ઉપકાર,
...તારા મહિમાનો નહીં પાર (૨) ...૨

કાનમાં ખીલા ઠોક્યા જયારે, થઈ વેદના પ્રભુને ભારે,
તોય પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહીં વાંક લગારે,
ક્ષમા આપીને તેં જીવોને, તારી દીધો સંસાર,
...તારા મહિમાનો નહીં પાર. (૨) ...૩

મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખેથી આંસુની ધાર વહાવે,
ક્યાં ગયા એકલા છોડી મુજને, હવે નથી કોઈ જગમાં મારે,
પશ્ચાતાપ કરતાં કરતાં, ઉપન્યું કેવલજ્ઞાન,
...તારા મહિમાનો નહીં પાર (૨) ...૪

**જ્ઞાનવિમલ** ગુરુ વયણે આજે, ગુણ તમારા ગાવા કાજે,
થઈ સુકાની તું પ્રભુ આવે, ભવજલ નૈયા પાર તરાવે,
અરજ અમારી દિલમાં ધારી, કરીએ વંદન વારંવાર
....તારા મહિમાનો નહીં પાર (૨) ....૫

## કર્તા : શ્રી વીરવિજયજી મ.

### (વીર વહેલાં આવો રે)

વીર વહેલાં આવો રે, ગૌતમ કહી બોલાવો રે,
દરિશન વહેલાં દીજીએ હો જી,
પ્રભુ તું નિઃસ્નેહી, હું સસ્નેહી અજાણ.વીર..૧
ગૌતમ ભણે ભો નાથ તેં, વિશ્વાસ આપી છેતર્યો,
પરગામ મુજને મોકલી, તું મુક્તિ રમણીને વર્યો,
હે પ્રભુજી તારા, ગુપ્ત ભેદોથી અજાણ.વીર..૨
શિવનગર થયું શું સાંકડું કે, હતી નહિ મુજ યોગ્યતા,
જો કહ્યું હોત જો મુજને, તો કોણ કોને રોકતાં,
હે પ્રભુજી ! હું શું, માંગત ભાગ સુજાણ.વીર..૩
મમ પ્રશ્નનો ઉત્તર દઈ, ગૌતમ કહી કોણ બોલાવશે,
કોણ સાર કરશે સંઘની, શંકા બિચારી કયાં જશે,
હે પુન્યકથા કહી, પાવન કરો મમ કાન.વીર..૪
જિનભાણ અસ્ત થતાં, તિમિર સઘળે વ્યાપશે,
કુમતિ કુશિલ જાગશે વળી ને, ચોરી ચુંગલ વધી જશે,
હે ત્રિગડે બેસી, દેશના દીયો જગભાણ.વીર..૫

મુનિ ચૌદ સહસ છે તાહરે, માહરે વીર તું એક છે,
ટળવળતો મને મૂકી ગયા, પ્રભુ ક્યાં તુમારી ટેક છે,
હે સ્વપ્નાંતરમાં ! અંતર ન ધર્યો સુજાણ.**વીર..૬**
પણ હું અજ્ઞાનવાટ ચાલ્યો, ના મળે કોઈ અવસરે,
હું રાગવશ રખડું નિરાગી, વીર શિવપુર સંચરે,
હું વીર-વીર કહું, વીર ન ધરે કાંઈ કાન.**વીર..૭**
કોણ વીર ને કોણ ગૌતમ, ના કોઈ કોઈનું કદા,
એ રાગગ્રંથી છૂટતાં, વરજ્ઞાન ગૌતમને થતાં,
હે સુરતરૂસુરમણિસમ્, ગૌતમ નામે નિધાન.**વીર..૮**
કાર્તિક વદિ અમાસ રાત્રે, અષ્ટદ્રવ્ય દીપક મલે,
ભાવ દિપક જ્યોત પ્રગટે, લોક દીવાલી ભણે,
હે **વીરવીજયના**, નરનારી કરે ગુણગાન.**વીર..૯**

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી

**(ભોલુડા રે હંસા – એ દેશી)**

સિધ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર
ભવ-મંડપમાં રે નાટક નાચીઓ, હવે મુજ દાન દેવરાવ[1]—સિધ્ધા૦
હવે મુજ પાર ઉતાર. —સિધ્ધા૦(૧)
ત્રણ રતન[2] મુજ આપો તાતજી, જેમ નાવે રે સંતાપ
દાન દિયંતા રે પ્રભુ કોસર[3] કિસી,આપો પદવી રે આપ —સિધ્ધા૦(૨)
ચરણ-અંગુઠે રે મેરૂ કંપાવીયો, મોડયાં[4] સુરનાં રે માન
અષ્ટકર્મના રે ઝઘડા જીતવા, દીધા વરસી રે દાન—સિધ્ધા૦(૩)

શાસનનાયક શિવસુખ દાયક, ત્રિશલા કુખે રતન
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો, પ્રભુજી તમે ધન્ય ધન્ય–સિધ્ધા૦(૪

વાચક શેખર કીર્ત્તિવિજય ગુરૂ, પામી તાસ પસાય
ધર્મતણા એહ જિન ચોવીસમાં, **વિનયવિજય** ગુણ ગાય –સિધ્ધા૦(૫

૧. અપાવ, ૨. જ્ઞાન, દર્શન, ચારિત્ર ૩. કૌશલ=હોંશિયારી ૪. દૂર કરવું.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી

ગિરૂઆ રે[૧]ગુણ તુમ-તણાં, શ્રી વર્ધમાન-જિનરાયા રે
સુણતાં શ્રવણે અમી ઝરે, માહરી નિર્મળ થાએ કાયા રે-ગિરૂઆ૦(૧
તુમ ગુણ-ગણ ગંગા-જળે, હું ઝીલી[૨]નિર્મળ થાઉં રે
અવર ન ધંધો આદરૂં, નિશદિન તોરા ગુણ ગાઉં રે-ગિરૂઆ૦(૨

ઝીલ્યા જે ગંગા-જળે, તે છીલર[૩] જળ નવિ પેસે રે
જે માલતી ફૂલે મોહિયા, તે બાવળ જઈ નવિ બેસે રે-ગિરૂઆ૦(૩

એમ અમે તુમ ગુણ[૪] ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે
તે કેમ પરસુર આદરે જે, પરનારી-વશ રાચ્યા રે -ગિરૂઆ૦(૪

તું ગતિ તું મતિ આશરો તું, આલંબન મુજ પ્યારો રે
વાચક **યશ** કહે માહરે, તું જીવ-જીવન આધારો રે-ગિરૂઆ૦(૫

૧. શ્રેષ્ઠ ૨. ન્હાઈને ૩. છીછરા પાણીમાં ૪. ગુણની ચર્ચાથી

## કર્તા : શ્રી ઉદયરત્નવિજયજી મ.

### (મહાવીર સ્વામી રે)

મહાવીર સ્વામી રે વિનંતી સાંભળો, હું છું દુઃખીયો અપાર;
ભવોભવ ભટક્યો રે વેદના બહુ સહી, ચઉગતિ માં બહુવાર
મહાવીર.૧

જન્મમરણનું રે દુઃખ નિવારવા, આવ્યો આપ હજૂર;
સમ્યગ્દર્શન જો મુજને દિયો, તો લહુ સુખ ભરપુર.
મહાવીર.૨

રખડી રઝડી રે પ્રભુજી હું આવીયો, સાચો જાણી તું એક;
મુજ પાપી ને રે પ્રભુ તુમે તારજો, તાર્યા જેમ અનેક
મહાવીર.૩

ના નહીં કહેજો રે મુજને સાહિબા, હું છું પામર રાંક;
આપ કૃપાળુ રે ખાસ દયા કરી; માફ કરો મુજ વાંક.
મહાવીર.૪

ભૂલ અંનતી રે વાર આવી હશે, માફ કરો મહારાજ;
શ્રી **ઉદયરત્ન** લળી લળી વિનવે, બાહ્ય ગ્રહો રાખી લાજ.
મહાવીર.૫

## કર્તા : શ્રી જ્ઞાનવિજયજી મ.

### (વીરજી સુણો એક વિનંતી મોરી)

વીરજી સુણો એક વિનંતી મોરી, વાત વિચારો તુમે ઘણી રે;
વીર મને તારો મહાવીર મને તારો, ભવજલ પાર ઉતારો ને.
પરિભ્રમણ મેં અનંતા રે કીધાં, હજુએ ન આવ્યો છેડલો રે;
તુમે તો થયા પ્રભુ સિધ્ધ નિરંજન, અમે તો અનંતા ભવ પામ્યા રે, વીર...૧

તમે અમે વાર અનંતી વેળા, રમીઆ સંસારીપણે રે;
તેહ પ્રીત જો પૂરણ પાળો, તો હમને તુમ સમ કરો રે,વીર...૨

તુમ સમ હમને યોગ્ય ન જાણો, તો કાંઈ થોડું દીજીએ રે;
ભવોભવ તુમ ચરણોની સેવા, પામી અમે ઘણું રીઝીએ રે, વીર...૩

ઈંદ્રજાળીયો કહેતો રે આવ્યો, ગણધર પદ તેહને દીયો રે;
અર્જુનમાળી જે ઘોર પાપી, તેહને જિન તમે ઉધ્ધર્યો રે, વીર...૪

ચંદનબાળાએ અડદના બાકુળા, પડિલાભ્યા તમને પ્રભુ રે;
તેહને સાહૂણી સાચી રે કીધી, શિવ વધુ સાથે ભેળવી રે, વીર...૫

તરણે ચંડકૌશીયો ડસીયો, કલ્પ આઠમે તે ગયો રે;
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સન્મુખ રહ્યો રે, વીર...૬

નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરીખા ગણો રે;
ભેદભાવ પ્રભુ ! દૂર કરી, મુજશું રમો એકમેકશું રે,વીર...૭

મોડા વહેલા તુમ હી જ તારક, હવે વિલંબ શા કારણે રે;
જ્ઞાન તણાં ભવનાં પાપ મિટાવો, વારી જાઉં વીર તોરા વારણે રે, વીર...૮

## કર્તા : શ્રી શુભવીરવિજયજી મ.

### (ચઉમાસી પારણું આવે રે)

ચઉમાસી પારણું આવે, કરી વિનંતી નિજ ઘર જાવે;
પ્રિયા પુત્રને વાત જણાવે, પટકુલ જરી પથરાવે રે,
મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે.......૧
ઉભી શેરીએ જળ છંટકાવે, જાઈ કેતકી ફૂલ બિછાવે;
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાળ ભરાવે રે,
મહાવીર પ્રભુ .......૨
અરિહાને દાન જ દીજે, દેતાં જે દેખીને રીઝે;
ષટ્માસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે,
મહાવીર પ્રભુ........૩
જિનવરની સન્મુખ જાઉં, મુજ મંદિરીયે પધરાવું;
પારણું ભલી ભાતે કરાવું, જુગતે જિનપૂજા રચાવું રે,
મહાવીર પ્રભુ .......૪
પછી પ્રભુને વોળાવા જઈશું, કર જોડીને સન્મુખ રહીશું;
નમી વંદીને પાવન થઈશું, વિરતિ અતિ રંગે વરશું રે,
મહાવીર પ્રભુ .......૫
દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજજનને કરશું;
સત્ય જ્ઞાનદશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે,
મહાવીર પ્રભુ .......૬
એમ જીરણ શેઠ વંદતા, પરિણામની ધારે ચઢંતા;
શ્રાવકની સીમા ઠરંતા, દેવદુંદુભિ નાદ સુણંતા રે,
મહાવીર પ્રભુ .......૭

કરી આયુ પૂરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે;
શાતાવેદનીય સુખ પાવે, **શુભવીર** વચન રસ ગાવે રે;

*મહાવીર પ્રભુ ......૮*

## કર્તા : શ્રી આનંદઘનજી

### (રાગ-ધન્યાશ્રી)

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માંગું રે ।
મિથ્યા[૧]-મોહ-તિમિર-ભય ભાંજે, જીત[૨] નગારું વાજે રે-વીર૦॥૧॥
છઉમત્થ-વીર્ય લેશ્યા-સંગે, અભિસંધિજ[૩]-મતિ અંગે રે ।
સૂક્ષ્મ-થૂલ-ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે-વીર૦॥૨॥
અસંખ્ય-પ્રદેશ વીર્ય-અસંખ્ખે, યોગ અ-સંખિત કંખે રે ।
પુદ્ગલ-ગણ તિણે લે સુ-વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે-વીર૦॥૩॥
ઉત્કૃષ્ટ[૪]-વીર્ય-નિવેશે, યોગ-ક્રિયા નવિ પેસે રે ।
યોગતણી ધ્રુવતાને લેશે,આતમ-શક્તિ ન ખેસે રે-વીર૦॥૪॥
કામ-વીર્ય-વંશે; જિમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે ।
શૂરપણે આતમ-ઉપયોગી, થાય તેહ અ-યોગી રે-વીર૦॥૫॥
વીરપણું તે આતમ-ઠાણે, જાણ્યું તુમ-ચી વાણે રે ।
ધ્યાન-[૫]વિનાણે શક્તિ-પ્રમાણે, નિજ ધ્રુવ[૬]-પદ પહિચાણે રે-વીર૦॥૬॥
આલંબન[૭]-સાધન જે ત્યાગે, પર-પરિણતિનેં ભોગે રે ।
અક્ષય-દર્શન-જ્ઞાન-વૈરાગ્યે, **આનંદઘન** પ્રભુ જાગે રે-વીર૦॥૭॥

---

૧. મિથ્યા મોહના અંધકારનો ભય ૨. જીતનું નગારું ૩. ઉપયોગ જન્ય ૪. ઉત્કૃષ્ટ વીર્યના સ્થાને ૫. ધ્યાનના વિજ્ઞાનથી, ૬. પોતાના ધ્રુવ=શાશ્વત=પદ=સ્થાન મોક્ષને ૭. પર પરિણતિના ઘટાડાની સાથે આલંબન અને સાધનને જે છોડે અને અખૂટ જ્ઞાન-દર્શન વૈરાગ્યમાં લીન રહે તે આનંદથી ઘન-સંપૂર્ણ-આત્મરૂપ પ્રભુ જાગે-અનુભવતાગમ્ય થાય (સાતમી ગાથાનો અર્થ).

દુઃખ ટળિયાં મુખ દીઠે, મુજ સુખ ઉપનાં રે, ભેટ્યા-ભેટ્યા વીર-જિણંદરે,
હવે મુજ મન-મંદિરમાં પ્રભુ, આવી વસો રે, પામું પામું પરમાનંદરે
-દુઃખ૦ (૧)

પીઠબંધ[1] ઈહાં કીધો સમકિત વજ્રનો રે, કાઢ્યો કાઢ્યો કચરો ને ભ્રાંતિરે,
ઈહાં અતિ ઉંચા સોહે ચારિત્ર--[2]ચંદરુઆરે, રૂડી રૂડી સંવર [3]ભાતિરે
—દુઃખ૦ (૨)

કર્મ વિવર ગોખ[4] ઈહાં મોતી ઝુંબણા રે,[5] ઝૂલઈ ઝૂલઈ ધી-ગુણ[6] આઠરે,
બાર ભાવના પંચાલી[7] અચરય[8] કરે રે, કોરિ કોરિ કોરણી કાઢરે
—દુઃખ૦ (૩)

ઈહાં આવી સમતા-રાણીશ્યું પ્રભુ રમો રે—સારી સારી થિરતા સેજરે[9],
કિમ જઈ શકશ્યો એક વાર જો આવશો રે, રંજ્યા રંજ્યા હિયડાની હેજરે[10]
—દુઃખ૦(૪)

વયણ અરજ સુણી પ્રભુ મન-મંદિર આવિયા રે, આપે તૂઠા તૂઠા ત્રિભુવન -ભાણરે,
શ્રી **નયવિજય વિબુધ પય સેવક** ઈમ ભણેરે, તેણિ પામ્યા પામ્યા કોડિ-કલ્યાણરે
—દુઃખ૦(૫)

૧. પાયો ૨. ચંદરવા ૩. ભરતકામ ૪. ગોખલા ૫. લટકતા ઝુંમખા ૬. બુદ્ધિના ગુણ ૭. પુતળી ૮. આશ્ચર્ય ૯. શય્યા ૧૦. પ્રેમ.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી

(ધન્યાશ્રી)

આજ જિનરાજ મુજ કાજ સીધાં સવે, તું કૃપાકુંભ જો મુજ તુઠો,
કલ્પતરૂ કામઘટ કામધેનુ મળ્યો, અંગણે અમિય-રસ[1] મેહ વૂઠો
— આજ૦ (૧)

વીર તું કુંડપુર-નયર[2] ભૂષણ હુઓ, રાય સિદ્ધાર્થ ત્રિશલા તનુજો[3],
સિંહ લંછન કનક વર્ણ કર-સપ્ત-તનુ[4], તુજ સમો જગતમાં કો ન દૂજો
- આજ૦ (૨)

સિંહ પ્રે એકલો ધીર સંયમ ગ્રહે, આયુ બોહોત્તર વરસ પૂર્ણ પાળી,
પુરી અપાપ્રાયેં[5] નિઃપાપ શિવવહુ વર્યો, તિહાંથકી પર્વ પ્રગટી દિવાળી
— આજ૦ (૩)

સહસ તુજ ચૈઉદ મુનિવર મહાસંયમી, સાહુણી સહસ છત્રીશ રાજે;
યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સુરી, સકળ તુજ ભવિકની ભીતિ ભાંજે
— આજ૦ (૪)

તુજ વચન-રાગ[6]-સુખ-સાગરે ઝીલતો, પીલતો મોહ-મિથ્યાત-વેલી;
આવીઓ ભાવિઓ ધરમ-પથ હું હવેં, દીજીયેં પરમ-પદ હોઈ બેલી[7]
— આજ૦ (૫)

સિંહ નિશિ-દીહ જો હૃદય-ગિરિ મુજ રમેં, તું સુગુણ[8]-લીહ અ-વિચલ નિરીહો,
તો કુમત-રંગ[9]-માતંગના યુથથી મુજ નહીં કોઈ લવ-લેશે[10] બીહો[11]
— આજ૦(૬)

શરણ તુજ ચરણ[12]મેં ચરણ[13]-ગુણનિધિ ગ્રહ્યા, ભવ[14]-તરણ-કરણ-દમ[15] શરમ દાખો;
હાથ જોડી કહેં **જશવિજય** બુધ ઈશ્યું, દેવ ! નિજ ભુવનમાં દાસ રાખો
—આજ૦(૭)

---

૧. અમૃતરસ ૨. ક્ષત્રિયકુંડ ૩. પુત્ર ૪. સાતહાથની કાયાવાળા ૫. પાવાપુરીમાં ૬. આજ્ઞા ઉપરનો પ્રેમ ૭. આધાર ૮. સારા ગુણવાળા-શ્રેષ્ઠ ૯. અન્યમતોના ઉદ્ધત હાથીઓના ૧૦. જરાપણ ૧૧. ભય ૧૨. પગને ૧૩. ચારિત્રગુણના ભંડારરૂપ ૧૪. સંસારથી તારનાર ૧૫. ઇન્દ્રિયોને દમનાર

## કર્તા : શ્રી ભાણવિજયજી

**(આનંદમય નિરૂપમ ચોવીશમો, પરમેશ્વર પદ નિરખ્યો રે)**

પરમેશ્વર પદ જેહને છાજે, અંતર-ચિત્તથી મેં પરખ્યો રે —આનંદ૦(૧)
ધારક[1] છે દેવશબ્દ ઘણેરા, પણ દેવત્વ તે ન ધરે રે;
જેમ કનક કહીએ ધતુરને, હેમની ગત તે ન સરે રે —આનંદ૦(૨)
જે નર તુમ ગુણ-ગણથી રસિયા, તે કિમ અવરને સેવે રે ?
માલતી-કુસુમે લીના જે મધુકર, અવર[2] સુરભિ ન લેવે રે—આનંદ૦ (૩)
ચિત્ત પ્રસન્ન જિનજીની ભજના એ, સજ્જન કહો કિમ ચૂકે રે ?
ઘર આંગણ ગંગા પામીને, કુણ ઉવેખીને મૂકે રે ? -આનંદ૦ (૪)
ધ્યેય સ્વરૂપે ધ્યાયો તુમને જે, મન વચ કાય આરાધે રે;
પ્રેમ વિબુધ **ભાણ** પભણે તે નર, વર્ધમાન સુખ સાધે રે—આનંદ૦ (૫)

---

૧. દેવ શબ્દને ધારણ કરનારા ઘણા છે, પણ દેવત્વને ધારનારા તેઓ નથી; જેમ કોઈ નશામાં ધતૂરાને સોનું કહે, પણ હેમ=સાચા સોનાની ગતિ=રીત તેનાથી સરતી નથી. (બીજી ગાથાનો અર્થ) ૨. સુગંધ

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

(સીમંધર કરો મયા-એ દેશી)

તું મન માન્યો રે વીરજી, ત્રિશલાનંદન દેવ
ભવ-ભવ સાહિબ ! તું હજ્યો, હું તુજ સારૂં[1]રે સેવ –તું૦(૧)

વયણ સંભારૂં રે તાહરાં, વાધે ધરમ-સ્નેહ,
હૈડું કૂંપળ[2]-પાલવે[3], પ્રફુલિત થાયે રે દેહ –તું૦(૨)

જો તુજ વચને રે ચાલીયે, તો હુયે રૂડી રીત,
સુખ અનંતા પામીયે, કીજે તુમ્હશું જો પ્રીત –તું૦(૩)

[4]આદિત[12]કુલગિરિ[7]-ચંદ્રમા[1] સંવત ખરતર વાણ;
ચઉવીશે જિન વીનવ્યા, આતમ હિત મન આણ –તું૦(૪)

જિનવર્ધમાન[5] મયા કરો, ચઉવીશમા જિનરાય !
મહિમાસાગર વિનતિ, **આણંદવર્ધન** ગુણ ગાય –તું૦(૫)

---

૧. કરું ૨. ઉલ્લાસ ૩. પ્રગટે ૪. આદિ=૧૨ કુલગિરિ=સાત ચંદ્રમાં=એક અર્થાત્ વિ. સં.૧૭૧૨ વર્ષે,૫. દયા

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

(થુણિઓ થુણિઓ રે પ્રભુ ! સુરપતિ જે થુણિઓ રે—એ દેશી)

ત્રિશલાનંદન ચંદન શીતલ, સરીસ સોહે શરીર;
ગુણ-મણિસાગર નાગર[1] ગાવે, રાગ ધન્યાશ્રી ગંભીર રે;
પ્રભુ વીર જિનેસર પામ્યો૰ (૧)

શાસન-વાસિત-[2] બોધે[3] ભવિકને, તારે સયલ સંસાર,
પાવન[4] ભાવના ભાવતી કીજે, અમો પણ આતમ સાર રે-પ્ર૰ (૨)

નાયક લાયક તુમ વિણ બીજો, નવી મળિયો આ કાળ;
તારક પારક[5]ભવ-ભય કેરો, તું જગ દીનદયાળ રે-પ્ર૰ (૩)

અકલ અમાય અમલ પ્રભુ ! તાહરો, રૂપાતીત વિલાસ;
ધ્યાવત લાવત અનુભવ-મંદિર, યોગીસર શુભ ભાસ રે-પ્રભુ૰ (૪)

વીર ધીર શાસનપતિ સાધો, ગાતાં કોડિ કલ્યાણ,
**કીરતિવિમલ** પ્રભુ પરમ સોભાગી, **લક્ષ્મી** વાણી પ્રમાણ રે,
પ્રભુ **વીર-જિનેસર** પામ્યો-પ્રભુ૰(૫)

---

૧. ઉત્તમ લોકો ૨. શાસનથી સંસ્કારિત ૩. જ્ઞાનથી ૪. પવિત્ર ૫. પાર કરનાર=દૂર કરનાર

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (હેમરાજ જઝ જશ જીત્યો—રે દેશી)

શાસન-નાયક સાહિબ સાચો, અતુલી[1] બળ અરિહંત,
કરમ[2]-અરિ-બળ સબળ[3] નિવારી, મારીય મોહ-મહંત,
મહાવીર જગમાં જીત્યોજી

જીત્યો જીત્યો આપ સહાય, હાંજી ! જીત્યો જીત્યો જ્ઞાન પસાય !
હાંજી જીત્યો જીત્યો ધ્યાન-દશાય, હાંજી ! જીત્યો જીત્યો જગ સુખદાય
-મહાવીર૦ (૧)

અનંતાનુબંધી વડ યોધા, હણિયા પહિલી ચોટ,
મંત્રી મિથ્યાત પછે તિગ રૂપી, તવ કરી આગળ દોટ —મહા૦(૨)

ભાંજી હેડ,[4] આયુષ તિગ કેરી, ઈક-વિગલેંદિઅ જાતિ,
એહ મેવાસ[5] ભાંજ્યો ચિરકાળે, નરક-યુગલ સંઘાતિ —મહા૦(૩)

થાવર-તિરિદુગ ઝાંસી કટાવી, સાહારણ હણી ધાડી,
થિણદ્ધી-તિગ મદિરા વયરી, આતપ-ઉદ્યોત ઉખાડી —મહા૦(૪)
અપચ્ચખાણા અને પચ્ચખાણા, હણીયા યોદ્ધા આઠ,
વેદ નપુંસક-સ્ત્રી સેનાની[6], પ્રતિબિંબિત ગયા નાઠ —મહા૦(૫)

હાસ્ય-રતિ-અરતિ-શોક-દુગંછા, ભયે મોહ-ખવાસ[7],
હણીયા પુરૂષવેદ ફોજધરા, પછે સંજલના-નાશ —મહા૦(૬)

નિદ્રા દોય મોહ-પટરાણી ઘરમાંહિથી સંહારી,
અંતરાય દરશણ ને જ્ઞાના-વરણીય લડતા મારી —મહા૦(૭)

જય-જય હુઓ ! મોહ જ મુઓ, હુઓ તું જગનાથ,
લોકાલોક-પ્રકાશ થયો તવ, મોક્ષ ચલાવે સાથ —મહા૦(૮)
જીત્યો તિમ ભગતને જીતાવે, મૂકાવે મૂકાવે,
તરણ-તારણ સમરથ છે તું હી, **માનવિજય** નિતુ ધ્યાવે —મહા૦(૯)

૧. અનુપમ બળવાળા ૨. કર્મરૂપ દુશ્મનના સૈન્યને ૩. જોરદાર ૪. પગની વિશિષ્ટ બેડી ૫. છાવણી ૬. સેનાપતિ ૭. ગુલામ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (આદર જીવ ખિમાગુણ આદર-એ દેશી)

વર્ધમાન-જિનવરને ધ્યાને, વર્ધમાન-સમ થાવેજી
વર્ધમાન-વિદ્યા-સુપસાયે, વર્ધમાન-સુખ પાવેજી-વ૦(૧)

તું ગતિ મતિ છછતી[૧] થિતિ છે, માહરો જીવન પ્રાણ આધારજી,
જયવંતું જગમાં જસ શાસન, કરતું બહુ ઉપકારજી વ૦(૨)

જે અજ્ઞાની તુમ મતે[૨]સરીખો પરમતને[૩] કરી જાણેજી
કહો કુંણ અમૃતને વિષ સરીખું, મંદમતિ વિણ જાણેજી વ૦(૩)

જે તુમ આગમસરસ સુધારસે, સીંચ્યો શીતલ થાયજી;
તાસ જનમ સુકૃતારથ જાણો, સુરનર તસ ગુણ ગાયજી વ૦(૪)

સાહિબ તુમ પદ[૪]પંકજ સેવા, નિત નિત એહજ યાચુંજી;
**શ્રીજ્ઞાનવિમલસૂરીસર** ભાખે, પ્રભુને ધ્યાને માચુંજી વ૦(૫)

૧. દેશી શબ્દ લાગે છે. અર્થાનુસંધાન શૈલીથી સુયોગ = શોભા અર્થ લાગે છે ૨. શાસન ૩. બીજા શાસનને ૪. ચરણકમળની સેવા.

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ-ધનાશ્રી મેવાડો-આજ રહો રે જિનિ ચલેર—એ દેશી)

વર્ધમાન પ્રભુ વંદીયે, ચોવીશમો જિનરાજ-ભવિજન
ક્ષત્રિયકુંડે અવતર્યો, આપે ત્રિભુવન-રાજ-ભવિ૰વર્ધ૰(૧)

વંશઈક્ષાગ-સરોવરે, જે પ્રભુ હંસ સમાન-ભવિ૰
કનક-કમળને જીપતો,[૧] જેહ તણો તનુ[૨]-વાન-ભવિ૰વર્ધ૰(૨)

સુત સિદ્ધારથ રાયનો, ત્રિશલા[૩]જાત પ્રધાન-ભવિ૰
વરસ બહોતેર આઉખું, સાત હાથ તનુ માન-ભવિ૰વર્ધ૰(૩)

વર્તમાન-શાસન તણો, નાયક અ-કળ અ-બીહ-ભવિ૰
લંછન-મિસિ સેવે સદા, જસ સત્ત્વે જીત્યો સિંહ—ભવિ૰વર્ધ૰(૪)

માતંગ યક્ષ સિદ્ધાયિકા, નિતુ સેવે જસ પાય-ભવિ૰
મહાવીર-જિનરાયના, **ભાવવિજય** ગુણ ગાય-ભવિ૰વર્ધ૰(૫)

---

૧. જીતનાર ૨. શરીરનો રંગ ૩. પુત્ર

## કર્તા : શ્રી હરખચંદજી મ.

### (રાગ—પરજચાલ)

મન માન્યો મહાવીર મેરો—મન૦
સિદ્ધારથ નૃપ કુલતિલો હો, પ્રભુ ત્રિશલાનંદન વીર—મેરો મન૦ (૧)

ક્ષત્રિયકુંડ પ્રભુ જનમીયો હો, સુરગિરિવર સમ ધીર
વરસ બહુતર[1] આઉખો હો, લંછન પગ સૌંડીર[2]—મેરો૦ (૨)

સાત હાથ તનુ દીપતો હો, કંચન બરન શરીર
કાશ્યપકુલ ઉજવાલ[3] કે હો, પ્રભુ પુહતા ભવજલ-તીર[4] મેરો૦ (૩)

શાસનનાયક સમરીયે હો, ભંજે ભવભય ભીર
હરખચંદકે સાહિબો હો; તુમ દૂર હરો દુઃખ પીર—મેરો૦(૪)

૧. બોંતેર ૨. સિંહ ૩. અજવાળીને ૪. કિનારો

## કર્તા : શ્રી નયવિજયજી મ.

### (દેશી—પંથીડાની)

સુગુણ ! સ-સનેહા ! વીરજી વિનતિ રે, અવધારો શ્રી જિનરાય રે
દરિશણ દીઠે પ્રભુજી તુમતણે રે, અમ્હ મન હરખ ઘણેરો થાય રે
-સુગુણ૦ (૧)

નિરમળ તુજ ગુણ-ગંગાજળે રે, ઝીલે અહનિશિ મુજ મન હંસ રે;
નિરમળ હોયે કલિ[1]-મલ નાશથી રે, પીલે કરમભરમ-ભર અંશ રે
—સુગુણ૦ (૨)

કેવળ[2]-કમળા કંત મનોહરૂ રે, ભેદી ભાવે તું ભગવંત રે
માનું માનવ-ભવ સફળો સહી રે, પામ્યું વંછિત સુખ અનંત રે
—સુગુણ૦ (૩)

દેવ દયાકર ! ઠાકુર જો મિળ્યો રે, તો ફળ્યો સકળ મનોરથ આજ રે
સેવક-સેવા આણી ચિત્તમાં રે, પૂરો મુજ મન-વંછિત કાજ રે
—સુગુણ૦ (૪)

પ્રભુજી ! તુજ મનમાં સેવા થકી રે, હું વસું એ તો મોટી વાત રે
પણ હું યાચું મુજ ચિત્તમાં રે, જિનજી ! વસજો દિન ને રાત રે
—સુગુણ૦ (૫)

પ્રભુજી ! તુજ ચરણાંબુજ સેવના રે, સફળી વરજો ભવભવ દેવ રે
હોજો મુજ તુજ શાસન-વાસના રે, વળી તુજ ચરણ-કમળની સેવ રે
—સુગુણ૦ (૬)

ચરમ-જિણેસર ભુવન-દિણેસરૂ રે, પૂરજો સેવક વંછિત આશ રે
જ્ઞાનવિજય બુધ-શિષ્ય ઈમ વીનવે રે, **નયવિજય** આણી મન ઉલ્લાસ રે
—સુગુણ૦ (૭)

---

૧. પાપ માળ ૨. કેવળ જ્ઞાનની લક્ષ્મીના ધણી

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

સિદ્ધિ શિરોમણિ સુરતિ[1] સુંદર, સેવઇ સુર સુરરાય
ગુણ સમુદ્ર મહિમા અતિ મોટો, જયવંતો જગદીશ
—વસંત વધાવો વીરજી હો૦ (૧)

સમકિત તેલ ફુલેલ સરસ અતિ, ભાવ ગુલાબ અબીર
વયરાગ રૂપે વિસતર્યો હો, ઉપસમ રસ તે નીર —વસંત૦(૨)

મન પિચકારી ક્રિયા કુમકુમા, સુરતિ અખંડિત ધાર
જ્ઞાન પોટલી[2] ગાઈને હો, કીજૈ કીજૈ અશુભ કરમ વેમાર[3]—વસંત૦(૩)

અષ્ટપ્રકારી પૂજા રચાવો, આણી આણંદ પૂર
સંસાર તણા સંતાપ મિટાવો, દેખિકૈ પ્રભુ મુખ નૂર—વસંત૦(૪)

ડફ ઝાંઝ પખાવજ આવજ, વાવજ તાલ કંસાલ
નૃત્ય કરી જૈ નવ નવા હો, તત્ત થૈ તત્ત થૈ તાંન રસાલ —વસંત૦(૫)

ત્રિશલાનંદન ત્રિહું જગવંદન, આનંદકારી ઐન[4]
સાચો સિધારથ સેવજ્યો હો, નિરખિત નિરખિત નિર્મ્મલ નૈન—વસંત૦(૬)

સકલ સામગ્રી લેઈ ઈણ પરિ, મિલજ્યો સાચૈ ભાવ,
**ઋદ્ધિસાગર** શિસ ઋષભ કહે, જો હુવૈ અવિચલ પદનો ચાવ[5] —વસંત૦ (૭)

---

૧. ચહેરો ૨. વિશિષ્ટ ગીતો ૩. નાશ ૪. અતિશય=ઘણા ૫. ઉમંગ=ઉત્કંઠા

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

આવ ! આવ રે ! માહરા મનડા માંહે, તું છે પ્યારો રે
હરિ-હરાદિક દેવહૂંતી, હું છું ન્યારો રે–આવ૦(૧)

અહો મહાવીર ! ગંભીર તું તો, નાથ માહરો રે
હું નમું તુંને ગમે મુંને, સાથ તાહરો રે–આવ૦(૨)

સાહી સાહી રે ચીઠડા હાથ માહરા, વૈરી વારો રે
દ્યે દ્યેરે દર્શન દેવ ! મુને, દ્યેને લારો રે–આવ૦(૩)

તું વિના ત્રિલોક મેં કેહનો, નથી ચારો રે
સંસાર-પારાવારનો સ્વામી, આપને આરો રે–આવ૦(૪)

**ઉદયરત્ન** પ્રભુ જગમેં જોતાં તું છે તારો રે
તાર તાર રે મુને તાર તું, સંસાર સારો રે–આવ૦(૫)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(રાગ ધન્યાશ્રી; તે તરીયાની-દેશી)

વંદો વીરજિનેશ્વર-રાયા, ત્રિશલાદેવી જાયા રે
હરિ[1]લંછન કંચનવરન કાયા, અમરવધૂ હુલરાયા રે—વંદો૦ (૧)

બાળપણે સુરગિરિ[2] ડોલાયા, અહિ-વૈતાલ હરાયા રે
ઇંદ્ર-કહણ વ્યાકરણ[3] નિપાયા, પંડિત વિસ્મય પાયા રે—વંદો૦ (૨)

ત્રીશ વરસ ઘરવાસ રહાયા, સંયમશ્યું લય લાયા રે
બાર વરસ તપ કર્મ-ખપાયા કેવળનાણ ઉપાયા રે—વંદો૦ (૩)

ખાયક-રિદ્ધિ અનંતી પાયા, અતિશય અધિક સુહાયા રે
ચ્યાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુર ગુણ ગાયા રે—વંદો૦ (૪)

તીન ભુવનમેં આણ મનાયા, દશ દોય[4] છત્ર ધરાયા રે
રૂપ-કનક મણિ ગઢ વિરચાયા, નિર્ગ્રંથ નામ ધરાયા રે—વંદો૦ (૫)

રયણ સિંહાસન બેસણ ઠાયા, દુંદુહિ નાદ બજાયા રે
દાનવ-માનવ વાસ વસાયા, ભક્તે શીશ નમાયા રે—વંદો૦ (૬)

પ્રભુ ગુણ-ગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયા રે
પંડિત ક્ષમાવિજય સુપસાયા, સેવક **જિન** સુખદાયા રે—વંદો૦ (૭)

---

૧. સિંહ ૨. મેરુપર્વત ૩. જૈનેન્દ્ર નામનું ૪. દશ અને બે=બાર, એક બાજુ ત્રણ છત્ર, એ રીતે ચાર દિશાના ત્રણ ત્રણ મળીને બાર

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (ઇમ ધન્નો ધણને પરચાવે—એ દેશી)

વીર-જિણંદ જગત ઉપગારી, મિથ્યાધામ[1] નિવારીજી,
દેશના અમૃત-ધારા વરસી, પર-પરિણતિ સવિ વારીજી-(૧)

પંચમ આરે જેહનું શાસન, દોય હજારને ચ્યારજી,
યુગપ્રધાન સૂરીસર વહશે, સુવિહિત મુનિ આધારજી—વીર(૨)

ઉત્તમ આચારજ મુનિ અજ્જા[2], શ્રાવક શ્રાવિકા અછજી[3],
લવણ-જલધિમાંહી મીઠું જલ, પીવે શ્રૃંગી-મચ્છજી[4]—વીર(૩)

દશ અચ્છેરે[5] દૂષિત ભરતે, બહુ મતભેદ કરાળજી[6],
જિન[7]-કેવળી-પૂરવધર વિરહે, ફણીસમ પંચમ કાળજી—વીર(૪)

તેહનું ઝેર નિવારણ મણિ સમ તુજ આગમ તુજ બિંબજી,
નિશિ દીપક પ્રવહણ[8] જિમ દરીએ, મરૂમાં[10] સુરતરૂ[11] લુંબજી—વીર(૫)

જૈનાગમ વકતા ને શ્રોતા, સ્યાદ્વાદ શુચિ બોધજી,
કળિકાળે પણ પ્રભુ ! તુમ્હ શાસન, વરતે છે અ-વિરોધજી—વીર(૬)

મ્હારે તો સુષમાથી[12] દુઃષમા[13], અવસર પુણ્ય-નિદાનજી
ક્ષમાવિજય-**જિન** વીર સદાગમ, પામ્યો સિદ્ધિ-નિદાનજી—વીર(૭)

---

૧. મિથ્યાત્વીઓના ધામ=તેજને, અથવા મિથ્યાત્વની ધામ=ગરમી ૨. સાધ્વી ૩. સારા ૪. રોહિતનામે વિશિષ્ટ, માછલું ૫. આશ્ચર્યોથી ૬. ભયંકર ૭. તીર્થંકર ૮. આપ ૯. વહાણ ૧૦. મારવાડમાં ૧૧. કલ્પવૃક્ષ ૧૨. ચોથો આરો ૧૩. પાંચમો આરો.

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

(આજ અષાઢો ઉમહયોજી-એ દેશી)

સકળ ફળ્યા સહી માહરાજી, મનના મનોરથ આજ,
વીર-જિનેસર ! તું મળ્યોજી, હવે સીધાં હો હવે સીધાં વંછિત કાજ
પ્રભુજી ! અરજ સુણીજે માંહકી[1] અરજ સુણીજે !
માંહકો[2] મુજરો લ્યો માહારાજ-પ્ર૦(૧)

દિન એતા ભલો[4] ભમ્યોજી, તુજ દરિશણ વિણ દેવ
હવે મનમંડી ટકશુંજી, તમુ સેવા હો કિમ કરૂં નીત મેવ – પ્ર૦(૨)

તુજ દીઠે આવે નહીંજી, દેવ અવર કોય દાય
સુરતરૂ શાખા છોડીનેજી, કુંણ બેસે હો કુણ૦ બાઉલ છાંહ–પ્ર૦(૩)

ગુણ અવગુણ જાણ્યા પખેજી, મન ન રહે એકતાર[5]
પ્રગટ પટંતર દેખીનેંજી, કુણ સેવે હો કુણ૦ વસ્તુ અસાર–પ્ર૦(૪)

તું ગતિ મતિ તું સાહિબોજી, તું મુજ જીવન પ્રાણ
નિરવહીયે શિર ઉપરેજી, ભવોભવ હો ભવો૦ તુમચી આણ –પ્ર૦(૫)

જિતું તુમ સેવા બળેજી, કુમતિ કદાગ્રહ ફોજ
નિત નિત નવલી તાહરીજી, મન-ઇચ્છિત હો મન૦ પામું મોજ–પ્ર૦(૬)

નાથ ! વસો મુજ ચિત્તમાંજી, આજ અધિક સુખપૂર
હંસરત્ન કહે માહરોજી, હવે પ્રગટ્યો હો સ્નેહ૦ પુણ્યપંડૂર[6]–પ્ર૦(૭)

---

૧. મારી ૨. મારો ૩. આટલા ૪. ભલે ૫. સ્થિર ૬. નિર્મલ

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (પછેઢાની-દેશી)

દુર્લભ ભવ લહી દોહલો રે, કહો તરીયે કેણ[1] ઉપાય રે,
—પ્રભુજીને વિનવું રે.
સમકિત સાચા[2] સાચવું રે, તે કરણી કિમ થાય રે ?—પ્રભુ૦.....(૧)

અશુભ મોહ જો મેટીયે રે, કાંઈ શુભ પ્રભુને જાય રે-પ્રભુ૦
નિરાગે[3] પ્રભુ ધ્યાઈયે રે, કાંઈ તો વિણ રાગ કહાય રે —પ્રભુ૦.....(૨)

નામ ધ્યાતા જો ધ્યાઈયે રે, કાંઈ પ્રેમ વિના નવિ તાન, પ્રભુ૦
મોહ-વિકાર જિહાં તિહાં રે, કાંઈ કીમ તરીયે ? ગુણધામે રે —પ્રભુ૦.....(૩)

મોહ-બંધ જ બંધિઓ રે, કાંઈ બંધ જિહાં નહીં સોય રે—પ્રભુ૦,
કર્મબંધન કીજીયે રે, કર્મબંધન ગયે જોય રે—પ્રભુ૦.....(૪)

તેહમાં શો પાડ ચઢાવીયે રે ? કાંઈ તુમે શ્રી મહારાજ રે-પ્રભુ,
વિણ કરણી જો તારશો રે, કાંઈ સાચા શ્રી જિનરાજ રે—પ્રભુ૦.....(૫)

પ્રેમ મગનની ભાવના રે, કાંઈ ભાવ તિહાં ભાવ નાસ રે-પ્રભુ,
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉદ્દેશ્યે આતમ સાર રે-પ્રભુ૦.....(૬)

પૂરણ ઘટા[4] અભ્યંતર ભરયો રે, કાંઈ અનુભવ અનુહાર[5]રે-પ્રભુ,
આતમ ધ્યાને ઓલખી રે, કાંઈ લહશ્યું ભવનો પાર રે —પ્રભુ૦.....(૭)

વર્ધમાન મુજ વિનતિ રે, કાંઈ માનજો નિશદીશ રે-પ્રભુ૦
**મોહન** કહે મનમંદિર રે, કાંઈ વસીયો તું વિસવાવીશ રે —પ્રભુ૦ (૮)

---

૧. કયા ૨. સારી રીતે ૩. રાગ વગર ૪. અંદરથી સંપૂર્ણ છટાથી ૫. અનુસાર

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (ભરતનૃપ ભાવશું એ-એ દેશી)

આજ સફળ દિન માહરોએ, ભેટયો વીરજિણંદ કે,
-ત્રિભુવનનો ધણી એ
ત્રિશલારાણીનો નંદકે; જગચિંતામણિએ
દુ:ખ દોહગ દૂરે ટળ્યાંએ, પેખી પ્રભુ-મુખ ચંદકે-ત્રિભુ૰
રિદ્ધિ-વૃદ્ધિ સુખ-સંપદાએ, ઉલ્લટ[1] અંગે ન માયકે-ત્રિભુ૰
આવી મુજ આંગણેએ, સુરગવી[2] હેજ[3] સવાયકે[4]–ત્રિભુ૰
ચિંતામણિ મુજ કર ચઢ્યુંએ, પાયો ત્રિભુવનરાજકે-ત્રિભુ૰
મુંહ[5] માગ્યા પાસા ઢળ્યાએ, સિધ્યાં વંછિતકાજકે-ત્રિભુ૰
ચિત[6] ચાહ્યા સાજન મળ્યાએ, દુરજન ઉડ્યા વાયકે–ત્રિભુ૰
સૌમ્ય નજર પ્રભુની લહીએ, જેહવી સુરતરૂ છાંયકે–ત્રિભુ૰
તેજ ઝલામલ[7] દીપતોએ, ઊગ્યો સમકિતસૂર[8]કે–ત્રિભુ૰
વિમલવિજય ઉવઝાયનોએ, રામ લહે સુખ પૂરકે–ત્રિભુ૰

---

૧. હરખ ૨. કામધેનુ ૩. અંતરનો પ્રેમ ૪. વધુ ૫. મનમાન્યા ૬. મનગમતા ૭. ઝળહળતો
૮. સમકિત રૂપ સૂર્ય

## કર્તા : શ્રી રામવિજયજી મ.

(ગરબી પૂછે રે મારા ગરબડા રે-એ દેશી)

ચરણ નમી જિનરાજના રે, માગું એક પસાય,
મારા લાખેણા સ્વામી રે તુને વિનવું રે,
મેહેર કરો મારા નાથજી રે, દાસ ધરો દિલ માંહે—મારા૦(૧)

પતીત ઘણા તેં ઉધર્યા રે, બિરૂદ ગરીબનિવાજ—મારા૦
એક મુજને વિસારતાં રે, શ્યે નાવે પ્રભુ ! લાજ ? —મારા૦(૨)

ઉત્તમ જન ઘન[૧] સારીખો રે, નવિ જોવે ઠામ-કુઠામ—મારા૦
પ્રભુ સુ-નજર કરૂણાથકી રે, લહીંયે અવિચળ ધામ—મારા૦(૩)
સુત સિદ્ધારથરાયનો રે, ત્રિશલાનંદન વીર—મારા૦
વરસ બહુત્તેર આઉખું રે, કંચનવાન શરીર—મારા૦(૪)

મુખ દેખી પ્રભુ ! તાહરૂં રે, પામ્યો પરમાણંદ—મારા૦
હૃદયકમળનો હંસલો રે, મુનિજન[૨] કૈરવચંદ—મારા૦(૫)

તું સમરથ શિર નાહલો રે, તો વાધે જશ પૂર—મારા૦
જીત નિશાણના નાદથી રે, નાઠા દુશ્મન દૂર—મારા૦(૬)

શ્રી સુમતિ સુગુરૂપદ સેવના રે, કલ્પતરુની છાંહ-મારા૦
રામ પ્રભુ જિન વીરજી રે, છે અવલંબન બાંહ—મારા૦(૭)

૧. મેઘ ૨. મુનિરૂપી ચંદ્રવિકાશી કમળને ચંદ્ર જેવા

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

(ઢાલ સાલુડાની-એ દેશી)

વીરજી ! ઉભો મદ મોડી, બે કર જોડી અરજ કરૂં રે લો
માહારા વીર પીઆરા રે લો
વીરજી ! રાજેસર રાણા, આણા તાહરી શીર ધરુંરે લો —માહરા૦(૧)
વીરજી ! મીઠલડે વયણે નયણે, ઈણ રાચી રહુંરે લો—માહરા૦
વીરજી ! વાતો મનરૂષની સુખની, તુજ આગે કહુંરે લો—માહરા૦(૨)
વીરજી ! પિતૃ પરલોકે ગયા, તિણ શોકે દીહા[1] ગમુંરે લો—માહરા૦
વીરજી ! ચિંતાતુર નિત મો ચિત્તમાં, જિમ સૂનો ભમુંરે લો—માહરા૦(૩)
વીરજી ! તુજ વિરહે મોટિકાં, વળી છેહ દેઈરે લો—માહરા૦
વીરજી ! સંજમ જો લેશો દેશ્યો, ગુંબડ ખાર તેઈરે લો—માહરા૦(૪)
વીરજી ! ભોજન નવિ ભાવે થાવે, અતિ આસંગળોરે લો—માહરા૦
વીરજી ! નિંદરડી નાવે ધ્યાવે, મન ઉધાંધલોરે લો—માહરા૦(૫)
વીરજી ! છાતીમાં ઘાતી[2] કાતી[3], જેણે સારનીરે લો—માહરા૦
વીરજી ! પીડા વિણ વાગે લાગે, મોટી મારનીરે લો—માહરા૦(૬)
વીરજી ! વેદન નવિ જાણે ટાણે, આણે કઠીન હિયોરે લો—માહરા૦
વીરજી ! થાયો કરૂણાળા વાલ્હા, વ્રત ના મૂકી દિયોરે લો—માહરા૦(૭)
વીરજી ! વિનવ્યા ઈમ આઈ ભાઈ, ભાઈ **નંદીવરધને** રે લો—માહરા૦
વીરજી ! ભીના નહિ મનશું ધનશું, પોખે જગતને રે લો—માહરા૦(૮)
વીરજી ! ચારિત્ર લેશ્યું મેં પામી, અવસર આપણો રે લો—માહરા૦
વીરજી ! કેવળ લહી સીધો લીધો, શાશ્વત સુખ ઘણા રે લો—માહરા૦(૯)

વીરજી ! પ્રેમેં જે ધ્યાવે ગાવે, જિનગુણ આદરી રે લો—માહરા૦
વીરજી ! કાંતિવિજય જયબાળા, માળાને વરી રે લો—માહરા૦ (૧૦)

૧. દિવસ ૨. નાંખી ૩. કટાર

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (જર્જરી જરકસીરી દોરિ, હજ ટીકા ભલકા, હો રાજ ! પ્યારે લાગો-એ દેશી)

નિરખી નિરખી સાહિબકી સૂરતિ, લોચન કેરે લટકે હો રાજ ! પ્યારા લાગો૦
માને બાવાજીરી આણ – પ્યા૦ માને દાદાજીરી આણ—પ્યારા૦(૧)
તુમ બાની મોહે-અમીય સમાની, મન મોહ્યું મુખ મટકે હો રાજ
—પ્યારા૦(૨)
મુજમન ભમરી પરિમલ[1] સમરી, ચરણકમલ જઈ અટકે હો રાજ !
—પ્યારા૦(૩)
સૂરતિ દીઠી મુજમન મીઠી, પર સુર કિમ નવિ ખટકે હો રાજ !
—પ્યારા૦(૪)
જૈન ઉવેખી ગુણીના દ્વેષી, ત્યાંથી મુજ મન છટકે હો રાજ !
—પ્યારા૦(૫)
ત્રિશલાનંદન તુમ પય વંદન, શીતલતા હુઈ ઘટકે હો રાજ !
—પ્યારા૦(૬)
ઉત્તમ-શીશે ન્યાય જગીસેં, ગુણ ગાયા રંગરટકે[2] હો રાજ !
—પ્યારા૦(૭)

૧. સુગંધ ૨. અત્યંત ઉત્સાહથી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(રાગ-ધન્યાશ્રી)

વંદું વીર જિનેસરરાયા, વર્ધમાન સુખદાયાજી,
શાસનનાયક જેહ કહાયા, જગ જશવાદ સવાયાજી-વંદું૦
હરિ લંછન કંચનવન કાયા, સિદ્ધારથનૃપ તાયાજી
સિદ્ધારથ થયા કર્મ ખપાયા, ત્રિશલારાણી માયાજી—વંદું૦
લઘુવયથી જેણે મેરૂ ચળાયા, વીર વેતાળ હરાયાજી
દુર્ધર મોહ જોહ જિતીને, જયોતિમેં જયોતિ મિલાયાજી—વંદું૦
જસ શાસનથી ખટ દ્રવ્ય પાયા, સ્યાદ્વાદ સમજાયાજી
અભિનવ નંદનવનની છાયા, દર્શન જ્ઞાન ઉપાયાજી—વંદું૦
જાસ વજીર છે ગૌતમરાયા, લબ્ધિનિધાન મન-ભાયાજી
ન્યાયસાગર પ્રભુના ગુણ ગાયા, સુજશ સુબોધ સવાયાજી—વંદું૦

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(સંભવ-જિન અવધારીયે-એ દેશી)

ચરમ જિણંદ ચોવીશમો, શાસન નાયક સ્વામી-સનેહી
વરસ અઢીસેં આંતરું પ્રણમો નિજ હિતકામી—સ૦ચ૦
આષાઢ સુદી છઠેં ચવ્યા, પ્રાણતસ્વર્ગેથી જેહ—સ૦
જનમ્યા ચૈતર સુદી તેરસેં, સાત હાથ પ્રભુ દેહ—સ૦ચ૦
સોવન વરણ સોહામણો, બોતેર વરસનું આય—સ૦

માગશિર વદી દશમી દિને, સંયમશું ચિત લાય–સ૦ચ૦
વૈશાખ સુદી દશમી પ્રભુ, પામ્યા કેવળનાણ–સ૦
કાતી અમાવાસને દિહાડલે, લહિઆ પ્રભુ નિરવાણ–સ૦ચ૦
દિવાલી એ જિન થકી, ઉત્તમ દિવસ કહાય–સ૦
**પદ્મવિજય** કહે પ્રણમતાં, ભવ-ભવનાં દુઃખ જાય–સ૦ચ૦

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (ગિરૂઆ રે ગુણ તુમ તણા-એ દેશી)

વીર-જિણેસર પ્રણમું પાયા, ત્રિશલાદેવી માયા રે,
સિદ્ધારથરાજા તસ તાયા, નંદીવરદ્ધન ભાયા રે–વીર૦
લેઈ દીક્ષા પરિસહ બહુ આયા, શમ-દમ સમણ તે જાયા રે;
બાર વર્ષ પ્રભુ ભૂમિ ન ઠાયા, નિદ્રા અલપ કહાયા રે–વીર૦
ચંડકૌશિક પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયા રે,
ત્રણ પ્રકારે વીર કહાયા, સુર-નર જસ ગુણ ગાયા રે–વીર૦
જગતજીવ-હિતકારી કાયા, હરિ લંછન જસ પાયા રે,
માન ન લોભ ન વળી કસાયા, વિહાર કરે નિરમાયા રે–વીર૦
કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાન શુક્લ પ્રભુ ધ્યાયા રે,
સમોસરણે બેસી જિનરાયા, ચઉવિહ સંઘ થપાયા રે–વીર૦
કનકકમલ ઉપર ઠવે પાયા, ચઉવિહ દેશન દાયા રે,
પાંત્રીશ ગુણ વાણી ઉચરાયા, ચોત્રીશ અતિશય પાયા રે–વીર૦
શૈલેશીમાં કર્મ જલાયા, જીત નિસાણ વજાયા રે,
પંડિત ઉત્તમવિજય પસાયા, **પદ્મવિજય** ગુણ ગાયા રે–વીર૦

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

(રાગ-ધન્યાશ્રી)

આજ મ્હારા પ્રભુજી ! સાહમું રે જુવો, સેવક કહીને બોલાવો
આજ મ્હારા પ્રભુજી ! મહિર કરીને સેવક સાહમું નિહાળો
કરૂણાસાયર મહિર કરીને, અતિશય સુખ ભૂપાળો—આજ૦(૧)
ભગતવછલ શરણગતપંજર, ત્રિભુવનનાથ દયાળો
મૈત્રીભાવ અનંત વહે અહનિશ, જીવ સયલ પ્રતિપાળો—આજ૦(૨)
ત્રિભુવન-દીપક જીપક અરિગણ, અવિઘટ જયોતિ-પ્રકાશી
મહાગોપ નિર્યામક કહીયે, અનુભવ રસ સુવિલાસી—આજ૦(૩)
મહામાહણ મહાસારથી અવિતથ, અપનો બિરુદ સંભાળો
બાહ્ય-અભ્યંતર અરિગણ જોરો, વ્યસન વિઘન ભય ટાળો —આજ૦(૪)
વાદી તમહર તરણિ[1] સરિખા, અનેક બિરૂદના ધારી
જીત્યા પ્રતિવાદી નિજ મતથી, સકલજ્ઞાયક યશકારી —આજ૦(૫)
યજ્ઞકારક ચઉ વેદનાધારક, જીવાદિ સત્તા ન ધારે
તે તુજ મુખ-દિનકર નિરખણથી, મિથ્યા-તિમિર પરજાલે —આજ૦(૬)
ઈલિકા-ભમરી ન્યાયે જિનેસર, આપ સમાન તેં કીધા
ઈમ અનેક યશ ત્રિશલાનંદન,ત્રિભુવનમાં હે પ્રસિદ્ધા —આજ૦(૭)
મુજ મન ગિરિકંદરમાં વસીયો, વીર પરમ જિન સિંહ
હવે કુમત-માતંગના[2] ગણથી, ત્રિવિધ યોગે મિટી બીહ —આજ૦(૮)
અતિમન રાગે **શુભ** ઉપયોગે, ગાતાં **જિન** જગદીશ
સૌભાગ્યસૂરિ **શિષ્ય લક્ષ્મીસૂરિ લહે, પ્રતિદિન** સયલ જગીસ—આજ૦(૯)

૧. સૂર્ય ૨. હાથી

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

વીર જિણેસર વંદીએ, જેણે કીધો તપ ઉદારો રે
એક છ-માસી પૂરો કર્યો, બીજો પાંચે દાડે ઉણો કરો રે –વીર૦(૧)

નવ ચો-માસી આદરી, વળી ત્રણ-માસી બે વારો રે
બે-માસી તપ છ કર્યા, અઢી-માસી બે તસ સારો રે–વીર૦(૨)

બાર બે-માસખમણ કર્યા, વળી દોઢ-માસી બે વારો રે
બહોંતેર માસખમણ કર્યા, અઠમ બાર વિચારો રે –વીર૦(૩)

બસેં ને એગુણત્રીશ છઠ કર્યા ઘણું સારો રે
ભદ્ર ને મહાભદ્રાદિક, પ્રતિમા ત્રણ પ્રધાનો રે–વીર૦(૪)

બાર વરસ છદ્મસ્થપણે, ઉપરે સાડા છ માસો રે
ત્રણસે ને ઉગણપચાસ પારણાં, બાકી ઉપવાસો રે–વીર૦(૫)

વૈશાખ સુદી દશમી દિને, પામ્યા કેવળજ્ઞાનો રે
ભવિક જીવ પ્રતિબુઝવ્યા, જેણે લીધા મુગતિના રાજો રે –વીર૦(૬)

વીર તણા ગુણ ગાવતાં, ઘરે હુઈ મંગલ માલો રે
ઋદ્ધિ **કીર્ત્તિ** તે નિત લહે, જસ નામ જપ્યાં જે સારો રે –વીર૦(૭)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

### (જિન ! તુંદી અનૂપ છાજે ! – એ દેશી)

સમવસરણ શ્રી વીર બિરાજે, સરસ મધુર ધ્વનિ ગાજે રે
પૂરી પરષદ બાર મનોહર, છત્ર ત્રય શિર છાજે રે–જિ૦(૧)
અષ્ટ મહાપ્રાતિહાર જ સુંદર, દીઠે દારિદ્ર ભાજે રે
લૂણ ઉતારતી ભમરીય ફરતી, ઈંદ્રાણી નાટક છાજે રે–જિ૦(૨)
જયકારી દુઃખ પાર ઉતારણ, માલિમ[૧] ધર્મ જહાજે રે
મુક્તિ તણું બંદર આપવા, સેવક ગરીબ નિવાજે રે–જિ૦(૩)
ઈંદ્ર છડી લઈ દરબારે, ઊભા સેવા કાજે રે
પ્રભુ મુખ પંકજ નિરખી નિરખી, હરખિત હોવે બાજે રે –જિ૦(૪)
વિમલ સ્વરૂપી વિલસતી જેની કીર્તિ મીઠી આજે રે
દાન દીયો અક્ષય સુખ સઘળાં, દિનદિન અધિક દિવાજે રે –જિ૦(૫)

---

૧. કૅપ્ટન-ખલાસી.

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

(જીરે મારે જાગ્યો કુંવર જામ-એ દેશી)

આજ મારે સુરતરૂ ફળિયો સાર, ઘર આંગણિ શોભા કરૂં—જીરેજી
આજ ! મેં ત્રિશલા-નંદન દેવ, દીઠો દેવ દયા કરૂં—જી૦ ....(૧)

જિનજી ! તાહરા ગુણ અવદાત, ગંગતરંગ પરે નિરમળા—જી૦
જિનજી ! સંભારૂં દિન-રાત, મૂકી મનના આમળા—જી૦ ....(૨)

જિનજી ! ઉત્તમ-જનશું રંગ, ચોળ-મજીઠ તણી પરે—જી૦
જિનજી ! તુમશું અવિહડ નેહ, નિરવહજો રૂડી પરે—જી૦ ....(૩)

જિનજી ! તાહરી ગુણ, મણિમાળ, કંઠે જે ભવિ ધારશે—જી૦
જિનજી ! ધન ધન તસ અવતાર, જે તાહરૂં નામ સંભારશે—જી૦ ....(૪)

જિનજી ! મેરૂવિજય ગુરુશિષ્ય **વિનીતવિજય**નાં વયણડાં—જી૦
જિનજી ! જે ચિત્ત ધરશે નિત્ય, તસ ઘર રંગ-વધામણાં—જી૦ ....(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-જંગલો, નયન જમાકડો-એ દેશી)

શાસનનાયકસો અબ મેરી, અરજ કરનકું આયો
હોજી સાહેબા. અબ મુજ વાલાયો....(૧)

કાલ અનંતે પુદ્‌ગલ, આવર્તનસોં વહાયો–હો૦....(૨)

ભમત ભમત સરિતોપલ ન્યાયે, તુમ શાસન હું પાયો–હો૦.....(૩)

અબે સેવકકું વંછિત દીજે, લીજે જરા હુંસવાયો–હો૦....(૪)

જો તુમ તારે સોઈ હું જાનું, તિને કહા દીનો બતાઓ–હો૦.....(૫)

યોં કરને સામીકો ન રહે, તારક બિરુદ ધરાયો–હો૦....(૬)

આગે પીછે કછુ ન બિચારો, પારસ અયસ જો મિલાયો–હો૦ ....(૭)

તુમ પદ સેવા **અમૃતક્રિયા** સોં, દીજે હું નવનિધિ પાયો–હો૦ ....(૮)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

### (મુજરો છે જી રે-એ દેશી)

મુજરો લ્યોજી [૧]સિદ્ધારથ દારક ! મુજરો લ્યોજી, સેવક સુખ કારક—મુજરો૦
ત્રિભોવન જનતારક-મુજરો૦ જિનશાસન ધારક—મુજરો૦

વંદો ભવિકા ! [૨]વીર જિનેશર, ચોવીશમો જિનત્રાતા,
[૩]કેસરી લંછન કેસરી સરખો, [૪]ત્રિશલારાણી માતા—મુજરો૦૧

[૫]જીવિત વરસ બહોતર અનોપમ, [૬]સોવન કાંતિ ઉદાર,
[૭]ક્ષત્રિયકુંડ નગર અતિ શોભે, [૮]એકાદશ ગણધાર—મુજરો૦૨

[૯]માતંગસુર [૧૦] સિદ્ધાઈ દેવી, પૂજે જિનવર પાયા,
[૧૧]સાતહાથ તુજ દેહ પ્રમાણજ, [૧૨] ચઉદ સહસ મુનિરાયા—મુજરો૦૩

[૧૩]સાધવી સહસ છત્રીશ બિરાજે, ચરમજિનેશ્વર દેવા,
તેર પદે મેં જિનવર ગાયા, સુરપતિ કરતા સેવા—મુજરો૦૪

ભણશે ગણશે જે જન સુણશે, તસ ઘર રિદ્ધિવિશાળ,
**પ્રમોદસાગર** જપે પ્રભુજીને, હોજો મંગળમાળા—મુજરો૦૫

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (મનોહર મિત્ત ! એ પ્રભુ સેવો-એ દેશી)

શ્રી વીરજિન કેવળ નાણી, લોકોત્તર ગુણગણ ખાણી ।
જસુ પાંત્રીશ ગુણ યુત વાણી; ગણધર મતિજળધિ સમાણી
સુહંકર દેવ ! એ જગદીવો, શાસન નાયક ચિરંજીવો–સુહં૦ ॥૧॥

ધન્ય સિદ્ધારથ નૃપવંશ, ત્રિશલા કૂખે રાજહંસ ।
જેહમાં નહીં પાપનો અંશ; જશ ત્રિભુવન કરે પ્રશંસ-સુહં૦ ॥૨॥

જસ મૂળ અતિશય ચ્યાર, ઉત્તર ચોત્રીસ પ્રકાર ।
ત્રિભુવન સુખકારી વિહાર, સવિ ભવ્યતણા આધાર–સુહં૦ ॥૩॥

જસ નિર્મળ ભાસુર અંગ, [૧]ચામીકર સમ વડ રંગ ।
નિતુ તેજ પ્રતાપ અભંગ, જોતાં વાધે ઉછરંગ-સુહં૦ ॥૪॥

જય ચોવીશમા જગભાણ, શિર છત્ર ધરી પ્રભુ આણ ।
વાઘજી મુનિ સેવક ભાણ, લહે દિન દિન કોડી કલ્યાણ–સુહં૦ ॥૫॥

---

૧. સોનું

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(સહિયાં મોરી રે ચાંદલીયો ઉગ્યો મધરાતનો રે-એ દેશી)

જિન માહરા રે ! શ્રી મહાવીરજી રે જિનપતિ ચોવીશમા રે ॥
જિ૦ શાસન નાયક દક્ષિણ-ભરતમાંરે,
જિ૦ કરમ ખપાવી પહેત્યા શિવમંદિરેરે।
જિ૦ સેવક-જનનારે ઉલટ ઈમ રહ્યારે,
જિ૦ વીરજી વિના શાસન સંભાળ કુણ કરે રે –જિન૦॥૧॥

જિ૦ અતિશયધારીરે નહીં હમણાં ઈણે જગરે,
જિ૦ વીરજી વિનારે દીઠાં ચિત્ત ઠરેરે।
જિ૦ દુર્લભ બોધિરે પ્રાણી ભૂલ્યા ભમેરે,
જિ૦ વીરજી વિનારે સંશય કોણ હરેરે –જિન૦॥૨॥

જિ૦ ઈણ પંચમ-આરે વિરહો જિનતણોરે,
જિ૦ દુર્ગતિ માંહેરે પડતાં કુણ ઉદ્ધરેરે।
જિ૦ કુમતિ-કુતીરથનારે થાપક છે ઘણારે,
જિ૦ વીરજી વિનારે તે બીજાથી નવિ ડરેરે –જિન૦॥૩॥

જિ૦ મુગતિપુરીનો મારગ વિષમો થયોરે,
જિ૦ વીરજી વિનારે કોણ તેહને સુખ કરેરે।
જિ૦ ધરમ તણોરે નાયક દૂર રહ્યોરે,
જિ૦ ભવિજન તેહનેરે નામે ભવજળ તરેરે –જિન૦॥૪॥

જિ૦ ત્રિશલાદેવીનોરે નંદન સાહિબોરે,
જિ૦ મુજશુંરે હવે મહેર કર્યા વિણ નહીં રહેરે।
જિ૦ શ્રી અખયચંદ સૂરીશ સુગુરૂની સેવનારે,
જિ૦ **ખુશાલ મુનિ** તેહને સુપસાયે સુખ લહેરે – જિન૦ ॥૫॥

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (શ્રી પદ્મપ્રભુજીના નામને-એ દેશી)

શાસનપતિને વંદના, હોજ્યો વાર હજાર હો સાહેબ ।
ગંગાજલમાં જે રમ્યા, તે કિમ [1]છીલર છાર હો સાહેબ—સા૦ ।।૧।।

જાઈ જૂઈ જસ સેવતાં, માલતી મોગર માળ હો-સા૦ ।
ચંપક ગુલાબની વાસના, તે આઉળે[2] કરે કિમ આળ હો—સા૦ ।।૨।।

સતીય અવર[3] ઇચ્છે નહીં, નર ભોગી ભરતાર હો;-સા૦ ।
અવર કદાગ્રહી આતમા, તાર તાર મુજ તાર હો-સા૦ ।।૩।।

મૃગમદ ઘન જિન વાસના, વાસિત બોધ અગાધ હો-સા૦ ।
મૃગપતિ જે જસ સેવના, દૂર ગયાં દુખદાઘ હો-સા૦ ।।૪।।

નિર્યામિક સત્ય સાહેબા, આલંબન તુજ લીધ હો-સા૦ ।
ભવિ-જન-મન જિન ! તું વસ્યો, ત્રિશલાનંદન રિદ્ધ હો-સા૦ ।।૫।।

એ રીધ એ સીધ તાહરી, પામી પરમાણંદ હો-સા૦ ।
અજ્ઞાન-તિમિરતા ભયહરે, પ્રગટ્યો જ્ઞાનદિણંદ હો-સા૦ ।।૬।।

સૂરિ પ્રતાપે રાજ્યમાં, ગુણિયલ જિન ગુણ ગાય હો-સા૦ ।
**ચતુરવિજય** જિન નામથી, દિન દિન દોલત થાય હો-સા૦ ।।૭।।

---

૧. નાનું તલાવડું ૨. આવળમાં ૩. બીજો

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (કડખાની દેશી)

તાર હો તાર પ્રભુ ! મુજ સેવક ભણી, જગતમેં એટલો સુયશ લીજે ।
દાસ અવગુણ-ભર્યો જાણી પોતા તણો,
દયાનિધિ ! દીન પરિ દયા કીજે-તાર૦॥૧॥

રાગ-દ્વેષેં ભર્યો મોહ વૈરી નડ્યો, લોકની રીતિમેં ઘણું રાતો ।
ક્રોધ-વશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવ માંહી હું વિષય-માતો – તાર૦॥૨॥

આદર્યો આચરણ લોક-ઉપચારથી, શાસ્ત્ર-અભ્યાસ પણ કાંઈ કીધો ।
શુદ્ધ-સરધાન વળી આત્મ-અવલંબ વિણુ,
તેહવો કાર્ય તિણે કો ન સીધો–તાર૦॥૩॥

સ્વામી દરશણ સમો નિમિત્ત લહી નિરમળો, જો ઉપાદાન શુચિ ન થાસ્યે ।
દોષ કો વસ્તુનો ? અહવ ઉદ્યમ તણો ।
સ્વામી સેવા સહી નિકટ લાસ્યે–તાર૦॥૪॥

સ્વામી-ગુણ ઓલખી સ્વામીને જે ભજે, દરિશણ શુદ્ધતા તેહ પામે ।
જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્ય ઉલ્લાસથી, કર્મ જીપી વસે મુક્તિ ધામે-તાર૦॥૫॥

જગતવત્સલ મહાવીર જિનવર સુણી, ચિત્ત પ્રભુ-ચરણને શરણ વાસ્યો ।
તારજ્યો બાપજી ! બિરૂદ નિજ રાખવા, દાસની સેવના રખે જોસ્યો–તાર૦॥૬॥

વિનતિ માનજ્યો શક્તિ એ આપજ્યો, ભાવ-સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે ।
સાધી સાધક-દશા સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમલ-પ્રભુતા પ્રકાશે–તાર૦॥૭॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (પરમાતમ પૂરણ કલા)

[1]વધતી વેલી મહાવીરથી, માહરે હવે થઈ મંગલમાલ કે ।
દિન-દિન દોલત દીપતી, [2]અળગી ટળી હો બહુ આળ-જંજાળકે
વીર-જિણંદ જગ વાલહો૦ ॥૧॥

તારક ત્રિશલા-નંદનો, મુજ મળિયો હો મોટે સૌભાગ્ય કે ।
[3]કોડી ગમે વિધિ કેળવી, તુજ સેવીશ હો [4]લાયક પાય [5]લાગ્ય કે
—વીર૦ ॥૨॥

તાહરે જે તેહ માહરે, હેજે કરી હો વર-વાંછિત એહ કે ।
દીજે દેવ ! દયા કરી, તુજ સંપત્તિ હો મુજ [6]વલ્લભ તેહ કે
—વીર૦ ॥૩॥

સૂતાં સાહેબ સાંભરે, બેઠાં પણ હો દિન મેં બહુ વાર કે ।
સેવકને ન વિસરજો, વિનતડી હો પ્રભુ ! એ અવધાર કે
—વીર૦ ॥૪॥

સિદ્ધારથ-સુત વિનવ્યો કર, જોડી હો મદ-મચ્છર છોડકે ।
કહે જીવણ કવિ જીવનો, તુજ તૂઠે હો સુખ-સંપત્તિ કોડ કે
—વીર૦ ॥૫॥

---

૧. ચઢતી કલાએ ૨. દૂર ૩. ઘણા ૪. શ્રેષ્ઠ ૫. ચરણો એ લાગીને ૬. પસંદ

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### કળશ

### (રાગ ધન્યાશ્રી; ગાયો ગાયો રે – એ દેશી)

ગાયા ગાયા રે, મેં તો જિન-ગુણ રંગે ગાયા ।
અવિનાશી પ્રભુ ! [1]ઓળગ કરતાં, આનંદ અંગ ઉપાયા રે–મેં૦ ॥૧॥

ધ્યાન ધરીને જિન ચોવીશે, જેહ નરે નિત્ય ધ્યાયા ।
[2]પરગટ પંચમગતિના ઠાકુર, તે થયા તે જ સવાયા રે–મેં૦ ॥૨॥

આ-ભવ પરભવ વળીય ભવોભવ, અનંત અનંત જિનરાયા ।
અનંત લીલામેં જે જઈ વસિયા, તે માહરે મન ભાયા રે–મેં૦ ॥૩॥

મુનિ શશિ-શંકર-લોચન-પર્વત વર્ષ સોહાયા ।
ભાદો માસની વદિ આદ્યા ગુરુ, પૂર્ણ મંગલ વરતાયા રે–મેં૦ ॥૪॥

રાણકપુર મેં રહીય ચોમાસું, જગ જસ પડહ વજાયા ।
દિન દિન ચડત કલા થઈ જાણો, હૃદય-કમલ જિન ધ્યાયા રે–મેં૦ ॥૫॥

ભવ-દુઃખ-વારક સકલ ભટ્ટારક, શ્રી હીરવિજય-સૂરિરાયા;
તસ શિષ્ય શુભવિજય પયસેવક, જયવિજય જસ લાયા રે–મેં૦ ॥૬॥

શિષ્ય સુખંકર નિત્યવિજય બુધ, જીવવિજય સુપસાયા ।
જીવણવિજયે જિન ચોવીસે ગાતાં નવનિધિ પાયા રે – મેં૦ ॥૭॥

---

૧. સેવા ૨. સાક્ષાત્

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (જાત્રા નવાણું કરીયે-સલૂણા)

શાસન-નાયક સુંદરુ રે, વર્ધમાન જિનરાય-સકલ સુખ-સાયરૂ ।
જસ નામે નિત્ય નવનવા રે, મંદિર મંગલ થાય—સકલ० ।।૧।।

રંગ મજીઠના સારીખો રે, જેહશું ધર્મસનેહ-સકલ० ।
અહનિશ દિલમાંહી વસે રે, જિમ મોરા મન મેહ-સકલ० ।।૨।।

રાતી પ્રભુ ગુણ-રાગશું રે, માહરી સાતે ધાત-સકલ० ।
વિધ-વિધ ભાંતે વખાણીએ રે, જેહનો જશ અવદાત-સકલ० ।।૩।।

તે જિનવર ચોવીસમો રે, ગુણગણ-રયણનિધાન-સકલ० ।
મુજ ભવ-ભાવઠ ભંજિયે રે, ભગત-વચ્છલ ભગવાન !—સકલ० ।।૪।।

સાહિબ ગુણ-રંગે કરી રે, જે રાતા નિશદિશ-સકલ० ।
તસ ઘર રંગ-વધામણાં રે, દિન-દિન અધિક જગીશ—સકલ० ।।૫।।

શ્રી તપગચ્છ-શિરોમણિ રે, શ્રી વિજયરાજ સુરીંદ-સકલ० ।
તાસ શિષ્યે એમ વિનવ્યા રે, ચોવીસમા જિનચંદ—સકલ० ।।૬।।

વર્તમાન-શાસનધણી એ, સુખ-સંપત્તિ-દાતાર-સકલ० ।
સકલ મનોરથ પૂરવો રે, **દાનવિજય** જયકાર—સકલ० ।।૭।।

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

(સુણ જિનવર શેત્રુંજા ધણીજી-એ દેશી)

[1]કોડી-ગમે ગુન્હા કર્યાજી, વિષય થયો લયલીન ।
તે બગસીસ હવે કરોજી, અરિહંત વીર ! [2]અમીન-
જિનેસર ! શાસનનો શણગાર...।।૧।।

[3]ઓળગીયા ઓળંભડેજી, મત આણો મન રીશ ।
જે પુંઠે સરજયા સદાજી, જંપે ઈમ જગદીશ–જિને૦...।।૨।।

લળી-લળી લટકે પાયે પડુંજી, વળી વળી વિનવું એહ ।
સમકિત ચિત્ત તુમ શું મળ્યોજી, મત મુકાવો તેહ–જિને૦...।।૩।।

કહો કેણી પરે કીજીએજી ? વ્હાલો ! તું વીતરાગ ।
ભગતે કાંઈ ન રંજીયેજી, લાલચનો શો લાગ ?–જિને૦...।।૪।।

ધ્યાતા દાતા મુજ તણોજી, ત્રાતા તું જિનરાય ।
કેવળ-લક્ષ્મી-વર કરોજી **મેઘવિજય**-ઉવજ્ઝાય–જિં૦...।।૫।।

---

૧. કોડો ૨. મોટા અમલદાર ૩. વિનવ્યા

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (સાંભળજો મુનિ સંજમ રાગે-એ દેશી)

વીર-જિનેસર ! સુણ મુજ સ્વામી, વિનવીયે શિર નામી રે ।
તું પ્રભુ ! પૂરણ મન-હિત-કામી, તું મુજ અંતરજામી રે—વીર૦ ॥૧॥

એક જ તું શિર સાહિબ કીજે, તુમ સમ કોણ કહીજે રે ? ।
ભગતિ કરતાં જો તું રીઝે, તો મન-વાંછિત સીઝે રે—વીર૦ ॥૨॥

તુજ હિતથી સુખ-સંપદ આવે, દાલિદ્ર દૂર ગમાવે રે ।
જગ-બંધવ જિન તુંહી કહાવે, સુર-નર તુજ ગુણ ગાવે રે—વીર૦ ॥૩॥

તું પ્રભુ ! પ્રીતિ ન હેત જણાવે, પણ સેવક સુખ પાવે રે ।
ગિરૂઆ-સેવા-ફલ નવિ જાવે, સેવીજે ઈણ ભાવે રે—વીર૦ ॥૪॥

ત્રિશલા-નંદન ! વીર-જિનેશ્વર ! વિનતડી અવધારી રે ।
કેશર જંપે દરિસણ દીજે, દુરગતિ દૂર નિવારી રે—વીર૦ ॥૫॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (કપૂર હુઈ અતિ ઉજલું રે એ-દેશી)

ગોયમ કહઇ સુણો વીરજી રે, વાલ્હેસર ! ગુણ-ગેહ !
[1]વીસવાસી મુઝનઇં ઘણું રે, ઈમ કિંમ તોડયો નેહરે-
વીરજી ! શ્યું કીધું તઇંએહા, છટકી દીધો છેહરે-વીરજીના૧।।

કામ ભલાવી તઇં પ્રભુ રે, મૂક્યો મુઝનઇં દૂર ।
અંત-સમયઇં રાખ્યો નહીં રે, સેવક ચરણ-નૂરરે—વીરજીના૨।।

કેડિ લાગી શ્યું તુમ્હ કનઇં રે, માંગતો કેવલ ભાગ ।
ઈમ [2]ટાલો દેઈ મૂંકી ગયા રે, તે શ્યું ન હુતી મુગતિ મેં જાગ[3] રે—વીરજીના૩।।
મોહ તોડી મૂંકી જાસ્યઇં રે, પહિલાં જો જાણત એહ ।
તો તુમ્હ સાથઈં એવડો રે, [4]શ્યાનઇં કરત સનેહ રે—વીરજીના૪।।

ગોયમા ગોયમા ઈમ કહી રે, બોલાવતા કેઈ વાર ।
ઈણ વેલાઇં તે કિહાં ગયો રે, તમ્હ મન કેરો પ્યાર—વીરજીના૫।।

[5]તઇં પણિ છલ જે ઇમ કર્યું રે, તો શી અવરની વાત ? ।
ઈમ છલ કરતાં તુઝનઇ રે, નાવી શરમ તિલ માત રે—વીરજીના૬।।

ઇમ ઓલંભા દેઈ કરી રે, જીતી મોહ-વિકાર ।
ગોયમ કેવલસિરિ વરઈ રે, **કનકવિજય** જયકાર—વીરજીના૭।।

---

૧. વિશ્વાસમાં લઈ ૨. બહાનું ૩. જગ્યા ૪. શા માટે ૫. તમે

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

(રાગ-મલ્હાર; "હીડોરનાની દેશી")

સિદ્ધારથ-કુલ કમલ-[1]દિણયર, સાયર પેરે ગંભીર,
નમિત વર-સુર-અસુર-કિન્નર, વર વિદ્યાધર વીર ।
કુમતિ-[2]ગંજન ભવિક-રંજન, કંચન જેમ શરીર,
કર્મ[3]-રિપુદલ-બલ-વિનાશન, શાસન-ભાસન ધીર-
-અહો ! મેરે સાહિબ ! ઝૂલત શ્રીવર્ધમાન ! મેરે૦ ॥૧॥

કંચન-ખંભ સુરભ દોનુ [4]પાચ-[5]પટલી ચંગ,
હીંડોર જોર જરા વસુંજરી, હીરા લાલ સુરંગ ।
[6]કેલિહરે પ્રભુકો ઝૂલાવતી, ગાવતી ગીત સુરંભ,
છપ્પન કુમરી દેત ભમરી, અમરી અતિ-ઉછરંગ-અહો ! મેરે૦ ॥૨॥

એક છત્ર ધારે ચમર ઢારે, કરે રાગ મલ્હાર,
એક [7]વીન [8]વાએ સુજશ ગાએ, [9]વાએ [10]વંશ ઉદાર ।
એક નાટક કરતી રંગ ધરતી, નેહ નિરખતી નાર,
ચિરંજીવ સામી મુગતિગામી નામથી નિસ્તાર-અહો મેરે૦ ॥૩॥

ઈમ ભાવ ભાવી માય મનાવી, સુરી ગઈ નિજધામ ,
ચોસઠ સુરવર મેરુ ગિરિવર, વીર જનમ વિધાન ।
વિધિ કરી શુભમતિ સુરપતિ, કરત જિન ગુણ ગાન,
નિરખીઈ નિત નવલ-નેહે અમલ વાધે વાન-અહો મેરે૦ ॥૪॥

આદર કરી ધરી હેજ હીયસું, દીજઇ સન્માન,
તારીએ સેવ સુધારીએ વારીએ દુરિત-નિદાન ।
તું હી તન-ધન-ધન જીવન મેરો, તું હી પરમ નિધાન,
**રૂચિરવિમલ** પ્રભુજી ચરણશું, લાગો મો મન ધ્યાન—અહો મેરે૦ ॥૫॥

૧. સૂર્ય ૨. દૂર કરનાર ૩. કર્મ શત્રુના સૈન્યના બળને નાશ કરનાર ૪. પાયા ૫. ઉપરની પાટલી ૬. ક્રીડાઘરમાં ૭. વીણા ૮. વગાડે ૯. વગાડે ૧૦. વાંસલી

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (રાજુલ કહે રે સુણો નેમિજી-એ દેશી)

મહાવીર જિનરાજજી ! પ્રભુ ! થેં છો જગરા તાત ! -શાસન-રાયા ! હે !।
સુર-નર થારા ગુણ ગાવઇ, દેખત નયણે સોહાત-શાસન૦
—આજ ભલઇ થાનઇ ભેટીયા ॥૧॥
થાંરી મૂરતિ લગાવઇ મોહની, મ્હેં તો [1]મેલ્હાં ન પ્રભુરો સંગ-શાસન ૦
અહનિશિ [2]સેવામઇ રહાં, લાગો ચોલ-મજીઠરો રંગ—શાસન૦ આજ૦ ॥૨॥
સાહિબા ! ધ્યાનરા નાયક થેં અછો, પ્રભુ ! ચારિત્ર તપ શણગાર -શાસન૦।
મનથી ઉતારાં મ્હેં નહીં, જયું ગોરી હીયારો હાર-શાસન૦॥૩॥
મ્હાંરા અંતરયામી થેં પ્રભુ !, મ્હારઇ થેં ખાસી [3]મીરાતિ-શાસન૦।
સહજ-ચિદાનંદ થેં પ્રભુ, થેં તો ટાલી અ[4]-વિદ્યાડરાતિ-શાસન૦આજ૦ ॥૪॥
[5]મ્હાં કઈ [6]મુહંગી મોહણ-વેલ થેં, સેવકાંરી થેં પૂરો આસ-શાસન૦ ।
શ્રી **ભાવપ્રભસૂરિ** કહૈ થારઇ[7], નામઇ લીલા-વિલાસ-શાસન૦ આજ૦ ॥૫॥

૧. છોડીએ. ૨.સેવામાં. ૩. સંપત્તિ-ઐશ્વર્ય. ૪. અજ્ઞાનાદિ દુશ્મનો. ૫. મારા માટે. ૬. મોંઘી. ૭.તારી.

## કર્તા. શ્રી કાંતિવિમલજી મ.

### (દીઠો દીઠો રે મૈં વામાકો નંદન દીઠો-એ દેશી)

ગાયો ગાયો રે મેં ત્રિશલા-નંદન ગાયો ।
હરખ બહુમાન આણંદ પામી, એ સમકિતનો ઉપાયો રે—મેં૦ ॥૧॥

તું કૃપાનિધિ ! તું સમતાનિધિ ! તું મુઝ માત ને ભ્રાતા ।
જ્ઞાતા ત્રાતા શાતા કરતા, મુઝ ભવ-ભયનો હરતા રે—મેં૦ ॥૨॥

શૂલપાણીનઇં સમકિત દીધું, ચંડકૌશિકનેં તાર્યો ।
સેવક ને પ્રભુ ! કાંઈ વિસારો !, અબ પ્રભુ મુઝનેં તારો રે—મેં૦ ॥૩॥

તુમ્હ-સરિખો શિર સાહિબ પામી, જે કરસ્યે પ્રમાદો ।
તે દુઃખિયો થાશઇં નહીં સંશય, ભવમાં પામઇં વિખવાદો રે—મેં૦ ॥૪॥

મુકી પ્રમાદનેં પ્રભુ પદ સેવો, એ નર-ભવનો મેવો ।
ઋધિ-કીરતિ દેવે વીરદેવા, અમૃત પદ હરખિં લેવો રે—મેં૦ ॥૫॥

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

### (આવો આવો જશોદાના કંથ-એ દેશી)

ચોવીશમો શ્રી મહાવીર સાહિબ સાચો રે।
રત્નત્રયીનું પાત્ર, હીરો જાચો રે ॥૧॥

આઠ-કરમનો ભાર કીધો દૂરે રે।
શિવ-વધૂ સુંદર નાર, થઈ હજૂરે રે ॥૨॥

તુમે સાર્યાં આતમ-કાજ, દુઃખ નિવાર્યાં રે।
પહોતા અ-વિચલ ઠામ, નહિ ભવ ફેરા રે ॥૩॥

જિહાં નહિ જન્મ-મરણ, થયા અ-વિનાશી રે।
આતમ-સત્તા જેહ, તેહ પ્રકાશી રે ॥૪॥

થયા નિરંજન નાથ, મોહને ચૂરી રે।
છોડી ભવ-ભય-કૂપ, ગતિ નિવારી રે ॥૫॥

અ-તુલ-બલ અરિહંત ક્રોધને છેદી રે।
ફરસી ગુણનાં ઠાણ થયા અવેદી રે ॥૬॥

એહવા પ્રભુનું ધ્યાન, ભવિયણ કરીએ રે।
કરીએ આતમ-કાજ, સિદ્ધિ વરીએ રે ॥૭॥

સેવો થઈ સાવધાન, આળસ મોડી રે।
નિદ્રા-વિકથા દૂર , માયા છોડી રે ॥૮॥

મૃગપતિ-લંછન પાય, સોવન-કાયા રે।
સિદ્ધારથ-કુલ આય, ત્રિશલાયે જાયા રે ॥૯॥

બહોંતેર-વરસનું આય, પૂરણ પાળી રે।
ઉદ્ધરીયા જીવ અનેક, મિથ્યાત્વ ટાળી રે ॥૧૦॥

જિન-ઉત્તમ-પદ સેવ, કરતાં સારી રે।
**રતન** લહે ગુણ-માળ, અતિ-મનોહારી રે ॥૧૧॥

## કલશ

### (આતમ-ભક્તિ મળ્યા કેઈ દેવા-એ દેશી)

ચોવીસ—જિનેસર ભુવન-[૧]દિનેસર, નિરૂપમ-જગ ઉપગારીજી।
મહિમા-નિધિ મોટા તુમે મહીયલ, તુમચી જાઉં બલિહારીજી ॥૧॥
જન્મ કલ્યાણક વાસવ આવી, મેરૂશિખર નવરાવેજી।
માનું અક્ષય-સુખ લેવા સુર, આવી જિન-ગુણ ગાયજી ॥૨॥
ગૃહ-વાસ છંડી શ્રમણપણું લઈ ઘાતી-કરમ ખપાયાજી।
ગુણ મણિ-આકર જ્ઞાન-દિવાકર, સમવસરણ સુહાયાજી ॥૩॥
દુવિધ ધરમ દયા-નિધિ ભાખે, તારે ગ્રહીને હાથેજી।
વાણી-સુધા-રસ વરસી વસુધા, પાવન કીધી નાથેજી ॥૪॥
ચોત્રીશ અતિશય શોભાકારી, વાણી ગુણ પાંત્રીશજી।
અષ્ટ-કરમ-મલ દૂર કરીને પામ્યા સિદ્ધિ જગીશજી ॥૫॥
ચોવીશ-જિનનું ધ્યાન ધરંતાં, લહીયે ગુણ-મણિ-ખાણજી।
અનુક્રમે પરમ-મહોદય પદવી, પામે પદ નિરવાણજી ॥૬॥

તપગચ્છ-[2]અંબર ઉદયો, [3] ભાનુ, તેજ-પ્રતાપી છાજેજી ।
વિજયદેવ સૂરીશ્વર-રાયા મહિમા મહીયલ ગાજેજી...॥૭॥

તાસ પાટ-પ્રભાવક સુંદર, વિજયસિંહ-સૂરીશજી ।
વડ-ભાગી વૈરાગી ત્યાગી સત્યવિજય-મુનીશજી...॥૮॥

તસ પદ-પંકજ-મધુકરસરીખા, કપૂરવિજય-મુણિંદાજી ।
ખીમાવિજય તસ આસન-શોભિત, જિનવિજય-ગુણ ચંદાજી...॥૯॥

ગીતારથ સારથ સોભાગી, લક્ષણ-લક્ષિત દેહાજી ।
ઉત્તમવિજય ગુરુ જયવંતા, જેહને પ્રવચન-નેહાજી..॥૧૦॥

તે ગુરુની બહુ મહેર-નજરથી, પામી અતિ-સુપસાયાજી ।
રતનવિજય-શિષ્ય અતિ-ઉછરંગે, જિન ચોવીશ ગુણ ગાયાજી...॥૧૧॥

સુરત-મંડન પાસ-પસાયા ધર્મનાથ-સુખદાયાજી ।
વિજય ધર્મસૂરીશ્વર-રાજયે, શ્રદ્ધા-બોધ વધાયાજી..॥૧૨॥

અઢારશેં ચોવીશ વરસે, સુરત રહી ચોમાસજી ।
માધવ માસે કૃષ્ણ-પક્ષમાં, ત્રયોદશી-દિન ખાસજી..॥૧૩॥

---

૧.સૂર્ય ૨.આકાશ ૩. સૂર્ય

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(ગોરા મારા પાણીડા મજા તુ પાલિષે તો રાણો ઉતર્યા એ-દેશી)

પ્રભુ મારા પરમ-કૃપાલ, મહિર કરી મુઝરો લીઓ,
સમરથ દીન-દયાલ અરજ સુણી દરિસણ દીઓ...।।૧।।

રાય સિદ્ધારથ નંદ, મુખ દેખી આણંદીઇં ।
ચરણ-કમલ સુખ-કંદ, પેખીઈ પાપ નિકંદીઇં...।।૨।।

કેશરી-લંછન જાસ, કેશર વરણ વિરાજતો ।
મંગલ-લચ્છી-નિવાસ, સેવકને નિવાજઓ...।।૩।।

ત્રિશલા-સુત વડવીર, ધીરગુણે સુરગિરિ જિસ્યો ।
જલનિધિ જિમ ગંભીર, મુનિ-જનને મનમેં વસ્યો...।।૪।।

સાંપ્રત-શાસન-ઈશ, ચરમ જિનેસર વાંદીઇ ।
**શ્રીખિમાવિજય** બુધ શીસ, કહિ **માણિક** ચિર નંદીઇં...।।૫।।

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

(તોરણથી રથ વાલિયો રે-એ દેશી)

ત્રિશલા-નંદન વંદિયે રે, સિદ્ધારથકુલ-ચંદ-સલુણે !
દશમા કલ્પ થકી ચવ્યો રે, નંદન નામે મુણિંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૧॥

ઉત્તરા ફાલ્ગુને જનમીયા રે, સેવે સુર-નર વૃંદ-સલુણે૦ ।
વૃષભ જોનિ સોહામણી રે, માનવ ગણ નિ-સપંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૨॥

કન્યા રાશિ લંછન હરી રે, હેમ-વરણ સુખકંદ-સલુણે૦ ।
બાર વરસ મન સંવરી રે, વિરમી કર્મના દંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૩॥

ઉદયો શાલિ-તરુ તલે રે, કેવલ જ્ઞાન દિણંદ-સલુણે૦ ।
સુંદર-મુખ-વર-પદ્મથી રે, પ્રસર્યો ગુણ-મકરંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૪॥

સાગર સમ ગંભીરતા રે, ધીરજેં મેરૂ-ગિરિંદ-સલુણે૦ ।
સેવકને પ્રતિ પાલવા રે, સાચો સુ-રમા-કંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૫॥

**દીપવિજય** કવિ કૃષ્ણનો રે, કહે ટાલો ભવ-ફંદ-સલુણે૦ ।
તુમ પદ-પદ્મની ચાકરી રે, આપજ્યો **વીર**-જિણંદ-સલુણે ! ત્રિશલા૦ ॥૬॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

(રાગ-ધન્યાસિરિ;જીરાઉલિ પુર મંડણ સામી સલહિયઈરી એહની ઢાલ)

મહાવીરુ જિણવર ચઉવીસમઉજી, ત્રિશલા રાણી માત (૧) ।
જનમ્યઉજી જનમ્યઉજી સિદ્ધારથ કુલ, કલશ લિઉજી (૨) ॥૮૨॥
કન્યા રાશિઇ (૩) સિંહ લંછન(૪) છઠ તપઇજી(૫) ખત્તિઅકુંડઇ ।
જમ્મ (૬) સંજમલીઈ (૭) સંજમલીઇ,
કેવલસિરિ ઋજુવાલિઅ નદીજી (૮) ॥૮૩॥
[1]ગણી ઇગ્યારહ (૯) બહુલઘરિ પારણ કરઇજી (૧૦),
ચેઇઅ તરૂવર સાલ (૧૧) ।
ચવદહજી, ચવદહજી, સહસ સાધુ સુહામણાજી (૧૨) ॥૮૪॥
પાણય દેવલોકિ (૧૩) ઉત્તાર ફગ્ગુણઇજી (૧૪),
સોવન (૧૫) અંગ કર સાત (૧૬) ।
સાહુણીજી, સાહુણીજી સહસ છતીસે ગુણનીલીજી. (૧૭) ॥૮૫॥
પાસ વીર સડ્ઢ દુગસય શિવ અંતરઉજી (૧૮),
ગુણસઠિ સહસિગ લખ્ખ ।
સાવયજી (૧૯) સાવયજી, સાવિઅ દુગુણી, જાણીયઇજી (૨૦) ॥૮૬॥
સિદ્ધા દેવી (૨૧) જક્ખ માતંગ મનોહરુ જી (૨૩),

કહિયજી કહીયઈજી, [2] દુઇ સત્તરિ [3]સમ, આઉષઉજી (૨૪) ॥૮૭॥
સંવત [4]વેદ-[7]મુનિ-[6]રસ-[1]રાજા (૧૬૭૪)
વચ્છરઈજી, ભાદ્રવઅ કૃષ્ણ પક્ખિ ।
થુણિયાજી થુણિયાજી [4]કવિવારઇ પૂનિમ દિનઈજી. ॥૮૮॥
ચઉવીસ ઠાણઉ રંગઇં ઉધર્યું ઉજી ભ્રવિઅણ નઇં હિતકાજી ।
રાજઈજી રાજઈજી શ્રી જિનસિંહ સૂરીશનઇંજી ॥૮૯॥
જિનવર ચઉવીસે બોલે સફલ્યાજી, જેસલમેરૂ મઝારિ ।
હરખઈજી હરખઈજી ચવદહ ઢાલે ગાઈયાજી ॥૯૦॥

---

૧. ગણ ૨. બે અને સિત્તરે મળી બોતેર ૩. વર્ષ ૪. શુક્રવાર ૫. સ્તુતિ કરે

## કલશ

ઈમ સુખકારી વિઘન વારી બોલ ચઉવીસે કરી,
સાફલ્ય જિણવર અધિક હરખઇ પાય પંકજ અણુસરી ।
**ગણી ધરમ કીરતિ** કરઈ તવના થાઇજ્યો સવિ સંપદા,
અનુક્રમઇ શિવ-સુક્ખ પામઇ જે [1]તવઇ ભવિઅણ મુદા ॥૯૧॥
ઈઅ રિસહ જિનવર પમુહ સુખકર સંથુણ્યા તિહુઅણ-ધણી,
જુગ પ્રવર જિનચંદ્રસૂરિ સદગુરૂ ગચ્છ ખરતર દિનમણિ
ઉવઝાય ધરમ નિધાન ગણિવર કુમત-વારણ-કેશરી,
તસુ સીસ પભણઇ **ધરમ કીરતિ**, એક-ચિત્તઇ ગુણ ધરી ॥૯૨॥
"ઇતિશ્રી ચઉવિશ-સ્થાન ગર્ભિત, ચતુર્વિંશતિ-જિન વૃદ્ધ સ્તવન સમાપ્ત ।
॥શ્રી ધર્મ કીર્તિ ગણિ શિષ્ય। શુભમસ્તુ કલ્યાણ અસ્તુ શ્રી શ્રી શ્રી શ્રી ॥"

---

૧. સ્તવે = સ્તુતિ કરે

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (રાજુલ પૂછે રે સખી પ્રતે, રાજુલ પૂછે રે વાત રે; સુણો સજની અમારી વાત)

હું તુમ પૂછું રે પરમગુરૂ ! હું તુમ પુછૂં વાચ રે, કહો પ્રસન્નો ઉત્તર સાચ ।
હું એક માંગું રે પરમગુરૂ ! હું એક માંગું વાચ રે,
દીઓ નામ તુમારાનો સાચ ।। નામ તુમારો રે જગત ગુરૂ,
નામ તુમારો વીરજી રે, તેહનો અદ્‌ભુત ભાવ ।
મનશું વિચારી જોઇઇં, તવ ઉપજે વિવિધ બનાવ રે ।।૧।।

સુણો સદ્‌ગુરૂ માહરી વાચ રે, હું તુમ૦ ।।
નવ રસ માંહે રે જગત ગુરૂ ! નવ રસ માંહે પાંચમો રે,
રસનો નામ છે વીર । તે વલી ત્રિવિધ વખાણિઈં,
તેના નામ કહ્યા ત્રાણ ધીર રે, સુણો સદ્‌૦ હું તુ૦ ।।૨।।

એ જી દાનમાં રે જગતગુરૂ ! એ જી દાન તિમ ધરમમાં રે
સમરથ કહીઇ વીર । તન-ધન-મન શંકા નહીં,
મન મોહ રોમાંચ શરીર- સુણો૦ હું તુ૦ ।।૩।।

એ લક્ષણ રસ રેં જગતગુરૂ, એ લક્ષણ રસ વીરના રે, છે તુમને પરતક્ષ ।
ગુણ-સેનાની તે છતાં, બહિરંતર લક્ષણ લક્ષ રે-સુણો૦ હું તુમ૦ ।।૪।।

સત્ત્વ પરીક્ષક રે જગતગુરૂ, સત્ત્વ પરીક્ષક સુર દમ્યો રે,
એ જી વીર તુમે એમ, લોક ઉરણ પૂરણ કર્યો,
દાન વીર સંવચ્છર પ્રેમ રે—સુણો૦ હું તુમ૦ ।।૫।।

કરમનેં જીતી રે જગતગુરૂ, કરમનેં જીતી કેવલી રે,
વાસ્યો ભવ ભય મર્મ। સત્તા ધર્મ બતાવીયો, એહવો ધર્મ વીર શિવ શર્મ રે
—સુણો૦ હું તુમ૦ ॥૬॥

વીર ત્રિવિધ ગુણ રે જગતગુરૂ, વીર ત્રિવિધ ગુણ રાજતા રે,
સેવું ચરણ-જુગ તુચ્છ।
સૌભાગ્યચંદ્ર **સ્વરૂપ** તે, દીઓ વીરજી વીરતા મુઝ રે—સુણો૦ હું તુમ૦ ॥૭॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

**(તારો હો તાર પ્રભુ ! મુજ સેવક ભણી-એ દેશી)**

વીર વડ-ધીર મહાવીર મોટો પ્રભુ, પેખતાં પાપ સંતાપ નાશે ।
જેહના નામ ગુણ-ધામ બહુ માનથી,
અ-વિચલ લીલ હૈયે ઉલ્લાસે-વીર૦॥૧॥

કર્મ-અરિ જીપતો દીપતો વીર ! તું, ધીર પરિષહ સહે મેરૂ-તોલે ।
સુરે બલ પરખીયો રમત કરી નિરખીયો,
હરખીયો નામ મહાવીર બોલે-વીર૦॥૨॥

સાપ ચંડકોશીયો જે મહા-રોષીયો, પોષીયો તે સુધા-નયન-પૂરે।
એવડા અવગુણ શા પ્રભુ મેં કર્યા ? તાહરા ચરણથી રાખે દૂરે-વીર૦ ॥૩॥

શૂલપાણિ-સુરને પ્રતિબોધીયો, ચંદના ચિત્ત ચિંતા નિવારી ।
મહેર ધરી ઘેર પહોતા પ્રભુ જેહને તેહ પામ્યા ભવ-દુઃખ પારી-વીર૦ ॥૪॥

ગૌતમાદિકને જઈ પ્રભુ તારવા વારવા યજ્ઞ મિથ્યાત્વ ખોટો ।
તેહ અગિયાર પરિવારશું બુઝવી, રૂઝવી રોગ-અજ્ઞાન મોટો-વીર૦॥૫॥

હવે પ્રભુ ! મુજ ભણી તું ત્રિભુવન-ધણી, દાસ-અરદાસ સુણી સામું જોવે ।
આપ-પદ આપતાં આપદા કાપતાં, તાહરે અંશ ઓછું ન હોવે-વીર૦ ॥૬॥
ગુરૂ-ગુણે રાજતા અધિક દિવાજતા, છાજતા જેહ કલિકાલમાંહે ।
શ્રીખિમાવિજય-પય-સેવ નિત્યમેવ લહી, પામીયેં શમરસ સુજશ ત્યાંહે-વીર૦ ॥૭॥

**કલશ**

જિન ભગતિ જાણી ગુણખાણી, હરખ આણી જે ગાવશે ।
સિદ્ધિ-રિદ્ધિ-સુ-લદ્ધિ-લીલા, તેહ જગ જસ પાવશે...॥૧॥

તપગચ્છ-તિલક સમાન સોહે, સત્યવિજય ગુરૂ ગુણ-નીલો ।
તસ સીસ સોહે કપૂરવિજય, કપૂર પરે જગ જસ ભલો...॥૨॥

તસ ચરણ-સેવી નિત્યમેવી, ખિમાવિજય ગુરૂ-રાજીયો ।
શ્રી નારંગ-પાસ-પસાય ગાતાં, જશ મહિમા જગ છાજીયો...॥૩॥

સંજમ-ભેદે[૧૭] સંવતનેજાણી, [૮]પ્રવચન આંકજ જાણીયે,
ધરમભેદ[૪] જુગતે જોડી, વરસ(૧૭૮૪) સંખ્યા વખાણીયે...॥૪॥

અલ્પમતિ યથાશક્તિ, રહી પાટણ રચી જિન સ્તુતિ ।
ભાદ્રવા વદી પાંચમ દિને, ગુરૂવારે હુઇ પ્રાપ્તિ...॥૫॥

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

(આજ ગઈતી હું સમવસરણમાં-એ દેશી)

વંદો વીર-જિનેસર-રાયા, ત્રિશલા-માતા-જાયાજી ।
હરિ-લંછન કંચન-વન કાયા, મુઝ મન-મંદિર આયાજી-વંદો૦ ॥૧॥

દુષમ-સમયે શાસન જેહનું, શીતલ ચંદન-છાયાજી ।
જે સેવંતાં ભવિજન-[૧]મધુકર, દિન-દિન હોત સવાયાજી-વંદો૦ ॥૨॥

તે ધન પ્રાણી સદ્‌ગતિ ખાણી, જસ મનમાં જિન આયાજી ।
[૨]વંદન-પૂજન સેવા ન કીધી, તે કાં જનની જાયાજી ?—વંદો૦ ॥૩॥

[૩]કર્મ કટક-ભેદન બલવત્તર, વીર-બિરૂદ જેણે પાયાજી ।
એકલ-મલ્લ અતુલી-બળ અરિહા, દુશ્મન દૂરે ગમાયાજી—વંદો૦ ॥૪॥

વાંછિત-પૂરણ સંકટ-ચૂરણ, તું માત-પિતા સહાયાજી ।
સિંહ પરે ચારિત્ર આરાધી, સુજસ-નિશાન-બજાયાજી—વંદો૦ ॥૫॥

ગુણ અનંત ભગવંત વિરાજે, વર્ધમાન-જિનરાયાજી ।
ધીરવિમલ-**કવિ-સેવક નય** કહે, શુદ્ધ સમકિત-ગુણ-દાયાજી-વંદો૦ ॥૬॥

---

૧. ભમરાઓ ૨. જેમણે આવા પ્રભુજીનું વંદન, પૂજન કે સેવા ન કરી તેઓને તેમની માતાએ જન્મ શા માટે આપ્યો ? અર્થાત્ તેમનું જીવન નકામું છે, (ત્રીજી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૩.કર્મરૂપ સૈન્યને ભેદવામાં અત્યંત બળવાન

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-જૈતસીરી)

મનમેં નિરમલ ભાવ ગહી । સુર-નર-કિન્નર કોટિ નિસેવિત,
[1]સો જિન [2]સેઉં [3]સહી.—મન૦॥૧॥
અદ્‌ભુત કાંતિ શાંતિરસ રાજિત, [4]વસુરસ સંગ નહીં ।
નિરદૂષણ ભૂષણ બિનુ ભૂષિત, [5]રવિછબી લાજત સહી.—મન૦ ॥૨॥
ભવિજન-તારક શાસન જાકો, જાને સકલ મહી ।
**ગુણવિલાસ** મહાવીરકી મહિમા, કિસપેં જાન કહી ?—મન૦ ॥૩॥

---

૧. તે ૨. સેવું ૩. નક્કી ૪. ધનનો રાગ ૫. સૂર્યની કાંતિ

## કર્તા : શ્રી જગજીવનજી મ.

(ઢાળ-ગરબાની)

**(હાં રે મુંને ધરમ જિણંદશું — એ દેશી)**

હાં રે વાલો ! વીર-જિણેસર શિવસુખનો દાતાર જો,
અનુભવ-રસનો સાગર ત્રિભુવનનો ધણી રે લો ।
હું તો કાલ અનંતો ભમતો ભવનિધિ માંહિ જો,
પૂરણ સુકૃતે જાણી વાણી જિનતણી રે લો. ॥૧॥

હાં રે પ્રભુ ! જિન નિરખ્યાથી નાવેં બીજા દાયજો,
હરિ-હર બ્રહ્મ પુરંદર દેવા ઇણ મહી રે લો ।
પ્રભુ વીર-ગુણ રયણેં રીઝ્યું માહરૂં મનજો,
દેવ અનેરા મન ભિતર રાચેં નહીં રે લો. ॥૨॥

શુદ્ધ-ધરમ ન જાણે નય-ઠાંણે પરિમાણજો,
વાતલડી વિગતા લીયેં જગ-જન ભોલવ્યા રે લો ।
જિન પરમ-અહિંસક ભાર વિના નહિ સિદ્ધિ જો,
બાહ્ય-નિમિત્તે રાચી આતિમ રોલવેં રે લો. ॥૩॥
પ્રભુ પંચમ-આરે દક્ષિણ ભરત મઝારિ જો,
તે નરનેં સમકિતની સંપત્તિ દોહિલી રે લો ।
જે જિન ગુણ રાચેં મન સાચેં મહારાજ જો,
તે જનને શિવ સંપત્તિ પ્રાપ્તિ સોહિલી રે લો. ॥૪॥
સંઘ સુખકરા શ્રાવક દીવતણા દાતાર જો,
સદ્‌ગુરૂ સેવા સારેં મન સુધેં ભલી રે લો ।
અઢાર ચોવીસ કહે ગણી **જગજીવન** ગણ ધારજો,
વીર જિણંદ વિનવતાં મન આસ્થા ફલી રે લો. ॥૫॥

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ-કેદારો-બિહાગડો)

મેં જાણ્યું નહિ ભવ-દુઃખ એસો રે હોઈ ।
મોહ-મગ્ન માયામેં ખૂંતો, નિજ-ભવ હારે કોઈ—મેં० ॥૧॥
જન્મ-મરણ ગર્ભવાસ અશુચિમેં, રહેવો સહેવો સોઈ ।
ભૂખ-તૃષા પરવશ-બંધન ટાર શકે ન કોઈ,—મેં० ॥૨॥
છેદન-ભેદન કુંભીપાચન, ખર વૈતરણી તોઈ ।
કોઈ છુરાઈ શક્યો નહિ વે દુઃખ, [૧]મેં સર ભરીયાં રોઈ—મેં० ॥૩॥
સબહી સગાઈ જગત ઠગાઈ, સ્વારથ કે સબ કોઈ ।
એક **જિનહર્ષ** ચરમ જિનવરકો, શરણ હિયામેં ઢોઈ—મેં० ॥૪॥

---

[૧]. મેં રોઈને સર = તળાવો ભર્યા, એટલે તળાવ ભરાય એટલા આંસુથી હું રોયો. (ત્રીજી ગાથાની ચોથી લીટીનો અર્થ)

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

### (રાગ-કાફી હુસેની)

### (રાગ કાનડો-યા ગતિ કૌન હે સખી ! તોરી-એ દેશી)

સાહિબ ધ્યાયા મન-મોહના !
જગ-સોહના, ભવિ બોહના-સાહિબ ધ્યાયા ॥૧॥

આજથેં સફલ મેરે, માનું ચિંતામણિ પાયા ।
ચોસઠ ઇન્દ્ર મિલીય પૂજ્યો, ઇંદ્રાણી ગુણ ગાયા-સાહિબ૦ ॥૨॥

જનમ મહોત્સવ કરે દેવ, મેરૂ-શિખર લે આયા ।
[1]હરિ કે મન સંદેહ જાની, ચરણેં મેરૂ ચલાયા-સાહિબ૦ ॥૩॥

અહિ-વેતાલરૂપ દાખી, દેવે ન વીર ખોભાયા ।
પ્રગટ ભયે પાય લાગી, વીર નામે બુલાયા—સાહિબ૦ ॥૪॥

ઇંદ્ર પૂછે વીર કહે, વ્યાકરણ નીપાયા ।
મોહથેં નિશાલ-ઘરનેં યુંહી વીર પઢાયા—સાહિબ૦ ॥૫॥
વરસી દાન દેઈ ધીર, લેઈ વ્રત સુહાયા ।
સાલ-તલેં ધ્યાન ધ્યાતાં ઘાતી ઘન ખપાયા—સાહિબ૦ ॥૬॥

લહી અનંતજ્ઞાન આપે, રૂપે ઝગમગાયા ।
જશ કહે હમ સોઈ વીર, જ્યોતિસું જ્યોતિ મિલાયા—સાહિબ૦ ॥૭॥

---

૧. ઇંદ્રના

## કર્તા : શ્રી રામવિજયજી મ.

ના રે પ્રભુ ! નહીં માનું ! નહીં માનું અવરની આણ,
ના રે પ્રભુ ! નહીં માનું । મ્હારે ત્હારું વચન પ્રમાણ—ના રે૦ ॥૧॥

હરિ-હરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય રે ।
[૧]ભામિની-ભ્રમર-ભ્રકુટીએ ભૂલ્યા, તે મુજને ન સુહાય—ના રે૦ ॥૨॥

કેઈક રાગી ને કેઈક દ્વેષી, કેઈક લોભી દેવ રે ।
કેઈક મદ-માયાના ભરિયા, કિમ કરીએ તસ સેવ ? ના રે૦ ॥૩॥

મુદ્રા પણ તેહમાં નવિ દીસે, પ્રભુ ! તુજ માંહિલી તિલ-માત્ર રે ।
જે દેખી દિલડું નવિ રીઝે !, શી કરવી તસ વાત ?ના રે૦ ॥૪॥

તું ગતિ ! તું મતિ ! તું મુજ પ્રીતમ ! જીવ-જીવન આધાર રે ।
રાત-દિવસ સુપનાંતર માંહી, તુંહી મ્હારે નિરધાર-ના રે૦ ॥૫॥

અવગુણ સહુ ઉવેખીને પ્રભુ ! સેવક કરીને નિહાલ રે ।
જગબંધવ એ વિનતી મ્હારી, મારાં સવિ દુઃખ દૂરે ટાળ—ના રે૦ ॥૬॥

ચોવીશમા પ્રભુ ! ત્રિભુવન-સ્વામી ! સિદ્ધારથના નંદ રે ।
ત્રિશલાજીના નાનડીયા પ્રભુ ! તુમ દીઠે અતિહી આનંદ—ના રે૦ ॥૭॥

સુમતિવિજય કવિરાયનો, **રામવિજય** કરજોડ રે ।
ઉપકારી અરિહંતજી ! માહરા, માહરા ભવોભવનાં બંધ છોડ—ના રે૦ ॥૮॥

---

૧. સ્ત્રીની ભમરા જેવી કાળી ભ્રકુટિથી

## કર્તા : શ્રી ઉદયમુનિ મ.

જગપતિ ! તું તો દેવાધિદેવ ! દાસનો દાસ છું તાહરો ।
જગપતિ ! તારક ! તું કીરતાર, મનરો મોહન પ્રભુ માહરો ।।૧।।

જગપતિ ! તાહરે ભક્ત અનેક, માહરે એક જ તું ધણી ।
જગપતિ ! વીરમાં તું મહાવીર, મૂરતિ તાહરી સોહામણી ।।૨।।

જગપતિ ! ત્રિશલા રાણીનો તું સુત, ગંધાર-બંદરે ગાજીયો ।
જગપતિ ! સિદ્ધારથ-કુલ શણગાર, રાજ-રાજેશ્વર રાજીઓ ।।૩।।

જગપતિ ! ભક્તોની ભાંગે તું ભીડ, પીડ પરાઈ પ્રભુ પારખે ।
જગપતિ ! તું હી ! પ્રભુ ! અ-ગમ અ-પાર, સમજ્યો ન જાયે મુજ–સારીખે ।।૪।।
જગપતિ ! ખંભાયત જમ્બુસર સંઘ, ભગવંત ચોવીસમો ભેટિયો ।
જગપતિ ! **ઉદય** નમે કર જોડ, સત્તર નેવું સંઘ સમેટિયો૦ ।।૫।।

સિદ્ધારથ રાયકુલ તિલોએ, ત્રિશલા માત મલ્હાર તો ।
અવનીતલે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર
-જયો જિન વીરજી એ૦ ॥૧॥

મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો ।
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તાર–જયો૦ ॥૨॥

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો ।
આવ્યાને ઉવેખશો એ, તો કિમ રહેશે લાજ–જયો૦ ॥૩॥

કરમ [૧]અલુંજણ આકરાં એ, જન્મ-મરણ જંજાલ તો ।
હું છું એહથી ઉભગ્યો એ, છોડાવ દેવ દયાલ–જયો૦ ॥૪॥

આજ મનોરથ મુજ ફલ્યા રે, નાઠાં દુઃખ-દંદોલ તો ।
તૂઠ્યો જિન ચોવીસમો રે, પ્રગટ્યા પુણ્ય કલ્લોલ–જયો૦ ॥૫॥

ભવે ભવે **વિનય** તુમારડો એ, ભાવ-ભક્તિ તુમ પાય તો ।
દેવ દયા કરી દીજીયે એ, બોધિ-બીજ સુપસાય–જયો૦ ॥૬॥

---

૧. કઠોર

## કર્તા : શ્રી કેસરવિજયજી મ.

### (રાગ-સાંભળજો મુનિ સંયમ રાગે)

વીર જિનેસર સુણ મુજ સ્વામી, વિનવીયે શિરનામી રે ।
તું પ્રભુ ! પૂરણ મન હિત-કામી, તું મુજ અંતરજામી રે—વીર૦ ॥૧॥

એક જ તું શિર સાહિબ કીજે, તુમ સમ કોણ કહીજે રે ।
ભગતિ કરતાં જો તું રીઝે, તો મન-વંછિત સીઝે રે—વીર૦ ॥૨॥

તુજ હિતથી સુખ-સંપદ આવે, દારિદ્ર દૂર ગમાવે રે ।
જગ-બંધવ જિન ! તું હી કહાવે, સુર-નર તુજ ગુણ ગાવે રે—વીર૦ ॥૩॥

તું પ્રભુ ! પ્રીતિ ન હેત જણાવે, પણ સેવક સુખ પાવે રે ।
ગિરૂઆ-સેવા-ફલ નવિ જાયે, સેવીજે ઇણ ભાવે રે—વીર૦ ॥૪॥

ત્રિશલા-નંદન વીર-જિનેશ્વર, વિનતડી અવધારી રે ।
કેસર જંપે દરિશન દીજે, દુરગતિ દૂર નિવારી રે—વીર૦ ॥૫॥

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

રૂડી ને રઢિયાલી રે, વીર ! તારી દેશના રે ।
એ તો વલી જોજનમાં સંભળાય, સમકિત-બીજ આરોપણ થાય—રૂડી૦ ॥૧॥

ષટ મહિનાની રે ભૂખ તરસ શમે રે,
સાકર દ્રાક્ષ તે હારી જાય, કુમતિ જનના મદ મોડાય—રૂડી૦॥૨॥

ચાર નિક્ષેપે રે સાત નયે કરી રે, માંહી ભલી સપ્તભંગી વિખ્યાત
નિજ-નિજ ભાષાએ સહુ સમજાત—રૂડી૦॥૩॥

પ્રભુજીને ધ્યાતાં રે શિવ પદવી લહે રે,
આતમ-ૠદ્ધિનો ભોક્તા થાય, જ્ઞાનમાં લોકાલોક સમાય—રૂડી૦॥૪॥

પ્રભુજી સરિખા હો ! દેશક કો નહિ રે, એમ સહુ જિન-ઉત્તમ ગુણ ગાય;
પ્રભુ-પદ-પદ્મને નિત્ય નિત્ય ધ્યાય—રૂડી૦॥૫॥

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

### (પંથડો નિહાળું રે બીજા જિન તણો-એ દેશી)

ચરમ-જિણેસર વિગત સ્વરૂપનું ભાવું કેમ સ્વરૂપ ? ।
સાકારી વિણ-ધ્યાન ન સંભવે રે, એ અ-વિકાર અ-રૂપ-ચરમ૦ ॥૧॥

આપ સરૂપે રે આતમમાં રમે રે, તેહના ધુર બે ભેદ ।
અસંખ ઉક્કોસે સાકારી પદે રે, નિરાકારી નિરભેદ—ચરમ૦ ॥૨॥

સુખમ નામકરમ નિરાકાર જે રે, તેહ ભેદે નહિ અંત ।
નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અ-ભેદ અનંત—ચરમ૦ ॥૩॥

રૂપ નહિ કંઈયે બંધન ઘટ્યું રે, બંધન મોક્ષ ન કોય ।
બંધ મોખ વિણ સાદિ અનંતનું રે, ભંગ સંગ કેમ હોય—ચરમ૦ ॥૪॥

દ્રવ્ય વિના તેમ સત્તા નવી લહે રે, સત્તા વિણ શ્યો રૂપ ?
રૂપ વિના કેમ સિદ્ધ અનંતતા રે ? ભાવું અ-કલ સ-રૂપ—ચરમ૦ ॥૫॥

આત્મતા પરિણતિ જે પરિણમ્યા રે, તે મુજ ભેદાભેદ ।
તદાકાર વિણ મારા રૂપનું રે, ધ્યાવું વિધિ-પ્રતિષેધ—ચરમ૦ ॥૬॥

અંતિમ ભવ-ગણહે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપ ।
તઈએ **આનંદઘન** પામશું રે, આતમરૂપ અનૂપ—ચરમ૦ ॥૭॥

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી મ.

**(રાગ : મારુણી ધનશ્રી; ગિરિમાં ગોરો ગિરૂઓ મેરુ ગિરિ ચઢો રે-એ દેશી)**

કરુણા-કલ્પલતા શ્રી મહાવીરની રે, ત્રિભુવન મંડપમાંહી પસારી રે;
-મીસરી રે પરે મીઠી અભયે કરી રે ॥૧॥

શ્રીજિન-આણા ગુણઠાણે આરોપતાં રે, વિરતિતણે પરિણામ પાવને રે;
અવને રે અતિહી અ-માય-સભાવ રે ॥૨॥

સર્વ-સંવર-ફલતી મિલતી અનુભવે રે, શુદ્ધ અનેકાંત-પ્રમાણે ભલતી રે;
દલતી રે સંશય-ભ્રમના તાપને રે ॥૩॥

ત્રિવિધ વીરતા જેણે મહાવીરે આદરી રે, દાન યુદ્ધ-તપ રૂપ અભિનવ રે;
ભવોભવિ રે દ્રવ્ય-ભાવથી ભાખી રે ॥૪॥

હાટક કોડી દેઈ દારિદ્ર નસાડીઉં રે, ભાવે અભયનું દાન દેઈ રે;
કોઈ રે લેઈને સુખીયા થયા રે ॥૫॥

રાગાદિક અરિ મૂલ થકી ઉખેડીયા રે, લહી સંયમ-રણરંગ રોપી રે।
ઓપી રે જિણે આપ કલા નિરાવરણની રે ॥૬॥

નિરાશંસ વળી શિવસુખ હેતુ ક્ષમા ગુણે રે,
તપ તપીએ જિણે એમ આપે રે, થાપે રે વરપંડિત વીર્ય વિનોદથી રે ॥૭॥

દર્શન જ્ઞાન-ચારિત્ર ત્રિવિધની વીરતા રે,
મહાપદ શોભિત ભાવી ભાસે રે; વાસે રે ત્રિભુવન જનમન ભાયણા રે ॥૮॥

વીર-ધીર કોટિર કૃપારસનો નિધિ રે, પરમાનંદ પયોદ વ્યાપે રે,
આપે રે નિજ સંપદ કુળ યોગ્યતા રે ॥૯॥

બંધ-ઉદય-સત્તાદિક ભાવાભાવથી રે, ત્રિવિધ વીરતા જાસ જાણી રે;
આણી રે ત્રિપદીરૂપે ગણધરે રે ॥૧૦॥

ઠાણગ જાણગ ગુણઠાણક ત્રિહું વિધિ રે, કાઢ્યા જેણે ત્રિદોષ પોષો રે;
શોષો રે રોષ-તોષ કીધા તુને રે ॥૧૧॥

સહજ-સ્વભાવ સુધારસ સેચનવૃષ્ટિથી રે, **ત્રિવિધ-તાપ**નો નાશ હોવે રે;
જોવે રે ત્રિભુવન ભાવ **સ્વભાવથી** રે ॥૧૨॥

જ્ઞાનવિમલ ગુણ-મણિ-રોહણ-ભૂધરા રે, જય જય તું ભગવાન ગાયા રે;
દાયક રે અખય અનંત સુખનો સદા રે ॥૧૩॥

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

(કોઈ વિધિ જોતાં થકા રે-એ દેશી)

શ્રી વર્ધમાન જિનરાજીઆ રે ! રાજનગર-શણગાર રે-સુખ દરિયા।
વાલેસર ! સુણો વિનતી રે, તું મુજ પ્રાણ-આધાર રે-ગુણ ભરિયા ॥૧॥

તુજ વિણ હું ન રહી શકું રે, જિમ બાલક વિણ માત રે-સુખ૦।
ગાઈ દિન અતિ વાહીએ રે, તાહરા ગુણ અવદાત રે—ગુણ૦॥૨॥

હવે મુજ મંદિર આવીયે રે, મ કરો દેવ ! વિલંબ રે-સુખ૦।
ભાણા ખડખડ કુણ ખમે રે ? પૂરો આશા અવિલંબ રે—ગુણ૦॥૩॥

મન મંદિર છે માહરૂં રે, પ્રભુ તુઝ વસવા લાગ રે-સુખ૦।
માયા-કંટક કાઢીયા રે, કીધો ક્રોધ-રજ-ત્યાગ રે—ગુણ૦॥૪॥

પ્રગટી સુરૂચિ સુવાસનારે, મૃગમદ-મિશ્ર કપૂર રે-સુખ૦।
ધૂપ-ઘટી ઈહાં મહમહેરે, શાસન-શ્રદ્ધા પૂર રે—ગુણ૦॥૫॥
કિરિયા શુદ્ધ બિછાવણા રે, તકિયા પંચ આચાર રે-સુખ૦।
ચિહું દિશી દીવા ઝગમગે રે, જ્ઞાન-રત્ન વિસ્તાર રે—ગુણ૦॥૬॥
અધ્યાતમ ધજ લહલહે રે, મતિ તોરણ સુ-વિવેક રે-સુખ૦।
ગમા પ્રમાણ ઇહાં ઓરડા રે, મણિ પેટી નય ટેક—ગુણ૦॥૭॥

ધ્યાન કુસુમ ઈહાં પાથરી રે, સાચી સમતા સેજ રે-સુખ૦।
ઈહાં આવી પ્રભુ બેસીએ રે, કીજે નિજ ગુણ હેજ રે—ગુણ૦।।૮।।

મન મંદિર જો આવશ્યો રે, એક વાર ધરી પ્રેમ રે-સુખ૦।
ભગતિ-ભાવ દેખી ભલો રે, જઈ શકશ્યો તો કેમ રે ! ગુણ૦ ।।૯।।

અરજ સુણી મન આવીયા રે, વીર-જિણંદ મયાલ રે-સુખ૦।
ઓચ્છવ રંગ વધામણાં રે, પ્રગટ્યો પ્રેમ વિશાલ રે—ગુણ૦।।૧૦।।

અર્ઘપાદ્ય કરૂણા ક્ષમા રે, સત્ય વચન તંબોલ રે-સુખ૦।
ધરશું તુમ્હ સેવા ભણી રે, અંતરંગ રંગ રોલ રે—ગુણ૦।।૧૧।।

હવે ભગતિ રસ રીઝિયો રે, મત છોડો મન ગેહ રે-સુખ૦।
નિરવહજો રૂડી પરે રે, સાહિબ સુગુણ સનેહ રે—ગુણ૦।।૧૨।

ભમર સહજ ગુણ-કુસુમનો રે, અમર મહિત જગનાથ રે-સુખ૦।
જો તું મનવાસી થયો રે, તો હું હુઓ સ-નાથ રે—ગુણ૦।।૧૩।।

શ્રી **નયવિજય વિબુધ તણો** રે, અરજ કરે ઈમ શીશ રે-સુખ૦।
રમજો મુજ મન મંદિરે રે, પ્રભુ પ્રેમ ધરી નિશ દિશ રે—ગુણ૦।।૧૪।।

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

(શાંતિ જિણેસર કેસર અરચિત જગધણી રે-એ દેશી)

સમરીય સરસતી વરસતી, વચન સુધા ઘણીરે કે-વચન૦
વીર જિણેસર કેસર, અરચિત જગધણીરે કે-અરચિત૦
રાજનગર વર ભૂષણ, દૂષણ ટાળતોરે કે-દૂષણ૦
થુણશ્યું નિજગુણ કરણે, જગ અજુઆલતોરે કે-જગ૦॥૧॥

સ્વામી ! મેં તુજ પામી, ધર્મ સોહામણોરે કે-ધર્મ
માનું મન અવતાર, સકળ કરી આપણોરે કે-સફળ૦ ।
મેંહી તુજ પામ્યો જિનજી !, નયણ મેળાવડોરે કે-નયણ૦
તો નિજ આંગણે રોપ્યો, સુરતરૂ પરગડોરે કે-સુર૦॥૨॥

તુજ મનમાં મુજ, વસવું કિમ સંભવેરે ? કે-વસવું૦,
સુપનમાંહી પણ વાત, ન એ હુઈ નવિ હોએરે કે-ન એ૦ ।
મુજ મનમંદિર, સુંદર વસો જો તુમ્હેરે કે-સુંદર૦,
તો અધિકું નવિ માંગશું, રાગશ્યું ફરી અમ્હેરે કે-રાગ૦॥૩॥

ચમક-પાષાણ ખિંચસ્યે, સંચશે લોહનેરે કે-સંચસે૦,
તિમ તુજ ભગતિ મુગતિ ને, ખેંચશે મોહનેરે કે-ખેંચશે૦।
ઈમ જાણી તુજ ભગતિ જૂગતિ રહ્યોરે કે-ભગતિ૦
તે જન શિવસુખ કરતલ, ઘરસિ ગહગહ્યોરે કે-ઘરસિ૦॥૪॥

લાગી તુજ ગુણ ભરકી, ફરકી નાવ શકેરે કે-ફરકી૦
અલગુંઅ મુજ મન, વલગું તુજ ગુણશ્યું ટકેરે કે-તુજ૦,
છોડ્યો પણ નવિછૂટે મોહ, એ મોહનારે કે-મોહ૦,
શિવસુખ દેશો તો છોડશું, કેડિ નતે વિનારે કે-કેડિ૦॥૫॥

બાઉલ સરિખા પર સુર, જાણી પરિહરીકે-જાણી૦,
સુરતરૂ જાણી નાણી, તુમ્હે સાહિબ વર્યારે કે-તુમ્હે૦ ।
કરો દેવ જો કરૂણા, કરમ તો નવિ ટકેરે કે-કરમ૦,
ચોર જોર નવિ ચાલે, સાહિબ ! એક ધકેરે કે-સાહિબ૦॥૬॥

તુજ સરિખો મુજ સાહિબ, જગમાં નવિ મલેરે કે-જગમાં૦,
મુજ સરખા તુજ સેવક,લાખ ગમે રૂલેરે કે-લાખ૦ ।
તો આસંગો તુજશ્યૂં, કરવો નવિ ઘટે રે કે-કરવો૦,
સહજ મોજ જો આવે, તો સેવક દુઃખ મટેરે કે-તો૦॥૭॥

જિમ વિણ પંકજ પરિમલ મધુકર નવિ રહેરે કે-મધુકર૦
વિણ મધુમાસ વિલાસ ન, કોકિલ ગહગહેરે કે-કોકિલ૦ ।
તિમ તુજ ગુણ રસ-પાન, વિના મુજ નવિ સરેરે કેનવિના૦,
અંબશાખ જિણે ચાખી, તે આંબલીશ્યૂં શું કરેરે ? કે-તે૦॥૮॥

ત્યાં મહિકે તુજ, પરિમલ કીરાત વેલડીરે કે-પરિમલ૦,
મુજ મન તરૂઅર વિંટી, તે રહી પરગડીરે કે-તે રહી૦।
ભગતિ રાગ તસ પલ્લવ, જેહના સમકિત-ફૂલડાંરે કે-જેહનાં૦॥૯॥

તુજ વાણી મુજ મીઠી, લાગે જેહવીરે કે-લાગે૦,
સાકર દ્રાખ સુધા પણ, ન રૂચે તેહવીરે કે-ન રૂચે૦।
કાન કરાવે એહનાં જે, ગુરૂ પારણાંરે કે-ગુરૂ૦,
તે નિત લીજે તેહનાં, દેવ ! ઓવારણાંરે કે-દેવ૦॥૧૦॥

સુખદાયક જગનાયક, વીર-જિનેસરૂરે કે-વીર૦,
ઈમમેં સ્તવી(યો), વંછિત-પૂરણ સુરતરૂરે કે-વંછિત૦।
એ સ્તવ ભણતાં, પ્રગટે નવનિધિ આંગણેરે કે-પ્રગટે૦,
**શ્રીનયવિજય વિબુધ પાય, સેવક ઈમ** ભણેરે કે-સેવક૦॥૧૧॥

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

### (એક દિન એક પરદેશીઓ-એ દેશી)

સુણ સુગુણ સનેહી રે સાહિબા, ત્રિશલા-નંદન અરદાસ રે ।
તું તો રાજનગરનો રાજિઓ, ગુણ-ગાજિઓ લીલ વિલાસ રે-સુણ૦॥૧॥
તુજ સરિખો સાહિબ શિર છતે જે, મોહ કરે મુઝ જોર રે ।
તે ન ઘટે રવિ ઉગ્યે રહે, જિમ અંધકાર ઘનઘોર રે-સુણ૦॥૨॥
અલવેસર ! વેષ રચી ઘણું, હું નાચ્યો મોહને રાજ રે ।
હવે ચરણ શરણ તુજ મેં ગ્રહ્યા, એ ભાવઠ ભવની ભાંજ રે-સુણ૦॥૩॥
ટાલો પ્રભુ ! અવિનય મોહનો, મુજ ગાલો ભવની ભીતિ રે ।
મુજ હૃદય પખાલો ઉપશમે, પાલો પ્રભુ અવિહડ પ્રીતિ રે-સુણ૦॥૪॥
વિ-ગુણો પણ તુજ ગુણ-સંગતે, ગુણ પામું તે ઘટમાન રે ।
હુએ ચંદન પરસંગથી, લિંબાદિક ચંદન માન રે-સુણ૦॥૫॥
નિગુણો પણ શરણે આવીયો, ન વિછડીજે ગુણ-ગેહ રે ।
નવિ છંડે લંછન હરિણનું, જુઓ ચંદ અમીમય દેહ રે-સુણ૦॥૬॥

મનમાંહી વિમાસી શું રહ્યો, હવે મહિર કરો મહારાજ રે ।
સેવકનાં દુઃખ જો નવિ ટલે, લાગે કુણને ? લાજ રે-સુણ૦॥૭॥
તુજ આણથી હું પતિત છું, પણ પતિત પાવન તુજ નામ રે ।
નિજ નામ ભણી મુજ તારતાં, શું લાગે છે તુજ દામ રે-સુણ૦॥૮॥
ચાખી તુજ સમકિત-સુખડી, નાઠી તેહથી ભૂખડી દૂર રે ।
જો પામું સમતા-સુરલતા, તો એટલે મુજ મહિ મુર રે-સુણ૦॥૯॥
તુજ અક્ષય સુખ જે રસવતી, તેહનો લવ દીજે મુજ રે ।
ભૂખ્યાની ભાંજો ભૂખડી, શું અધિકું કહીએ તુજ રે ?-સુણ૦॥૧૦॥
આરાધ્યો કામિત પૂરવે, ચિંતામણિ પણ પાષાણ રે ।
ઈમ જાણી સેવક સુખ કરો, પ્રભુ તમે છો ચતુર સુજાણ રે-સુણ૦॥૧૧॥
શ્યૂં વિનવીએ તુમ અતિ ઘણું, તું મોટો ત્રિભુવન-ભાણ રે ।
શ્રીનયવિજય સુ-શિષ્યને, હવે દેજો કોડિ કલ્યાણ રે-સુણ૦॥૧૨॥

# શ્રી મહાવીરસ્વામી ભગવાનની થોય

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ,
સુરનરના નાયક, જેહની સારે સેવ;
કરૂણારસ કંદો, વંદો આનંદ આણી,
ત્રિશલા સુત સુંદર, ગુણમણી કેરો ખાણી.

## શ્રી મહાવીર સ્વામીની થોય

વીરં દેવં નિત્યં વંદે .....૧
જૈનાઃ પાદા યુષ્માન પાન્તુ .....૨
જૈનં વાકયં ભૂયાદ્ભૂત્યૈ .....૩
સિધ્ધા દેવે ધ્યાત્ સૌખ્યમ્ .....૪

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા ।
લંછન મૃગ ઈંદા, જાસ પાયે સોહંદા ।
સુર નરવર ઈંદા, નિત્ય સેવા કરંદા ।
ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા ।...॥૧॥

અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા ।
અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા ।
અડજિનપ[1] જનેતા, નાક[2] માહેંદ્ર યાતા ।
સવિ જિનવર નેતા, શાશ્વતા સુખદાતા ।...॥૨॥

મલ્લિ નેમિ પાસ, આદિ અઠમ ખાસ ।
કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ ।
શેષ છઠ સુવિલાસ, કેવલજ્ઞાન જાસ ।
કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ ।...॥૩॥
જિનવર જગદીશ; જાસ મહોટી જગીશ ।
નહિં રાગને રીસ, નામિયે તાસ શિશ ।
માતંગ સુર ઈશ, સેવતો રાત દીશ ।

ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશિશ...॥૪॥

૧. આઠ જિનેશ્વરની ૨. દેવલોક

## શ્રી વીરવિજયજી કૃત થોય

વીર જગતપતિ જન્મજ થાવે, નંદન નિશ્રિત શિખર રહાવે,
આઠ કુમારી ગાવે; અડગજદંતા હેઠે વસાવે,
રૂચક ગિરિથી છત્રીશ જાવે, દ્વીપ રૂચક ચઉ ભાવે ।
છપન્ન દિગ્ કુમરી હુલરાવે, સુતી કરમ કરી નિજ ઘર પાવે,
શક્ર સુઘોષા વજાવે; સિંહનાદ કરી જ્યોતિષી આવે,
ભવણ વ્યંતર શંખ પડહે મિલાવે, સુરગિરિ જનમ મલ્હાવે.॥૧॥


ઋષભ તેર શશિ સાત કહીજે, શાંતિનાથ ભવ બાર સુણીજે,
મુનિસુવ્રત નવ કીજે; નવ નેમીશ્વર નમન કરીજે,
પાસ પ્રભુના દશ સમરીજે, વીર સત્તાવીશ લીજે ।
અજિતાદિક જિન શેષ રહીજે, ત્રણ ત્રણ ભવ સઘળે ઠવીજે,
ભવ સમકિતથી ગણીજે; જિન નામ બંધ નિકાચિત કીજે,
ત્રીજે ભવ તપ ખંતિ ધરીજે, જિનપદ ઉદયે સીજે.॥૨॥

આચાર આદે અંગ ઇગ્યાર, ઉવવાઈ આદે ઉપાંગ તે બાર,
દશ પયન્ના સાર; છ છેદસૂત્ર વિચિત્ર પ્રકાર,
ઉપગારી મૂલસૂત્ર તે ચાર, નંદી અનુયોગદ્વાર ।
એ પિસ્તાલીશ આગમ સાર, સુણતાં લહે તત્ત્વ ઉદાર,
વસ્તુ સ્વભાવ વિચાર; વિષય ભુજંગીનિ [૧] વિષ અપહાર,
એ સમો મંત્ર ન કો સંસાર, વીર શાસન જયકાર.।।૩।।

નકુલ બીજોરૂં દોય કર ઝાલી, માતંગ સુર શામ કાંતિ તેજાલી,
વાહન ગજ શુંઢાલી, સિંહ ઉપર બેઠી રઢિયાળી,
સિદ્ધાયિકા દેવી લટકાલી, હરિતાભા ચ્યાર ભુજાલી ।
પુસ્તક અભયા જિમણે ઝાલી, માતુલિંગ ને વીણા રસાલી,
વામ ભુજા નહિ ખાલી; શુભ ગુરૂ ગુણ પ્રભુ ધ્યાન ઘટાલી,
અનુભવ નેહશું દેતી તાલી, વીર વચન ટંકશાલી.।।૪।।

---

૧. વિષયરૂપી સર્પિણી



# અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી મહાવીર સ્વામી ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : સીધાર્થરાજા | માતાનું નામ | : ત્રીસલાદેવી |
| જન્મ સ્થળ | : ક્ષત્રીકુંડ | જન્મ નક્ષત્ર | : ઉતરાફાલગુની |
| જન્મ રાશી | : કન્યા | આયુનું પ્રમાણ | : ૭૨ વર્ષ |
| શરીરનું માપ | : સાત હાથ | શરીરનું વર્ણ | : સુવર્ણ વર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : એકાકી દીક્ષા |
| છદમસ્થ કાળ | | | : શાલવૃક્ષ |
| ગણધર સંખ્યા | | | : રૂજુવાબુકાનદી |
| સાધુઓની સંખ્યા | | | : ૩૬૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | | | : ૩૧૮૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | | ...ણી | : સીધાયિકા |
| પ્રથમ ગણધરનું | | ...નામ | : ચંદનબાળા |
| મોક્ષ આસન | : પદ્માસન | ભવ સંખ્યા | : ૨૭ ભવ |
| ચ્યવન કલ્યાણક | : અશાડસુદ ૬ | જન્મ કલ્યાણક | : ચઈતરસુદ ૧૩ |
| દીક્ષા કલ્યાણક | : કારતક વદ ૧૦ | કેવલજ્ઞાન કલ્યાણક | : વૈશાખ સુદ ૧૦ |
| મોક્ષ કલ્યાણક | : કારતક વદ અમાસ | મોક્ષ સ્થાન | : પદ્માસન |

: કન્યા | આયુનું પ્રમાણ
: સાત હાથ | શરીરનું વર્ણ
: વિવાહીત | કેટલા સાથે દીક્ષા
: સાડા બાર વર્ષ | દીક્ષા વૃક્ષ
...નુ વર્ણ
...ના સાથે દીક્ષા
: ૩૬૦૦૦
: ૩૧૮૦૦૦

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩